**સુવિચાર**
માણસને તક મળતી હોય છે પરંતુ તે તક ઓળખવામાં ભૂલ કરતો હોય છે અથવા આળસમાં તે તક ઝડપતો નથી.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૮/૧૦/૨૦૨૩, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY


R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૭૯ આસો સુદ-૧૫ વર્ષ : ૧૫ અંક : ૨૬૫




## શહેરનાં હાર્દસમા વિસ્તારમાં આવેલ ગુરૂદત્ત મંદિરથી પંચવટી ફાર્મ સુધી ગંદકીનો માહોલ

# અમરેલીમાં "સ્વચ્છતા હી સેવા"નાં સૂત્રને ચરિતાર્થ કરો

**જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસે લાખો રૂપિયાનાં ખર્ચે બનાવવામાં આવેલ બ્યુટિફિકેશનમાં બ્યુટિનો અભાવ**

**બેફામ ગંદકી, બંધ લાઈટ, વૃક્ષોની માવજતમાં બેદરકારી સહિતની સમસ્યાઓ**

**પાલિકાનાં શાસકો તાબાના કર્મચારીઓ પાસે કામ લેવામાં નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે**

**ગંદકી ફેલાવનાર સ્થાનિકોને સીસીટીવી કેમેરા લગાવીને ઓળખી લેવામાં આવે તે પણ જરૂરી છે**



અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં "સ્વચ્છતા હી સેવા" કાર્યક્રમ ચાલી રહ્યો છે. સરકાર વર્તમાનપત્રોમાં કરોડો રૂપિયા ખર્ચ કરીને રાજયની તમામ પાલિકાઓમાં થયેલ સ્વચ્છતાનાં કાર્યને બિરદાવીને પોતાની પીઠ થપથપાવી રહી છે તેવા જ સમયે અમરેલીનાં હાર્દ સમા વિસ્તાર ગણાતા ચિતલ માર્ગ ઉપર આવેલ ગુરૂદત મંદિરથી શરૂ કરીને એરપોર્ટ થઈને પંચવટી ફાર્મ સુધી બનાવવામાં આવેલ બ્યુટિફિકેશનમાં બ્યુટિનો જ અભાવ જોવા મળી રહ્યો છે.

શહેરીજનોનાં પરસેવાનાં પૈસા પાંચેક વર્ષ પહેલા બનેલ બ્યુટિફિકેશનમાં નિયમિત સફાઈનો અભાવ, બંધ સ્ટ્રીટલાઈટને લઈને

**અનુસંધાન પાના ૬ ઉપર**

### સાવરકુંડલાનાં મામલતદાર પંચમહાલ મુકાયા

# અમરેલી જિલ્લાનાં બે મામલતદારની બદલી, ૧૦ નાયબ મામલતદારને મામલતદાર બનાવાયા

**એડિશનલ ચીટનીસને ચૂંટણી શાખામાં મુકાયા**

અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લામાં ફરજ બજાવતા સાવરકુંડલાનાં મામલતદાર પ્રદિપસિંહ ગોહિલની પંચમહાલ જિલ્લામાં અને એડિશનલ ચીટનીશ એચ.એન. પરમારને સ્થાનિક કક્ષાએ ચૂંટણી શાખામાં ફરજ સોંપવામાં આવી છે.

તદુઉપરાંત અમરેલી જિલ્લામાં નાયબ મામલતદાર તરીકે ફરજ ૧૦ નાયબ મામલતદારોને મામલતદાર તરીકે બઢતી આપવામાં આવી છે. જેમાં મિલન રાજયગુરૂને જસદણ, અરવિંદ રાદડીયાને ભાવનગર, દિનેશ ભાડને લોધિકા,

**અનુસંધાન પાના ૬ ઉપર**









## જનતા જનાર્દનને દૂધ, ઘી, પનીર, મીઠાઈ સહિતની ખાદ્યસામગ્રી શુધ્ધ મળતી નથી

# શાસકોની નિષ્ક્રીયતાથી ભેળસેળનો ભસ્માસુર ભાવિ પેઢીને ભરખી જશે

**નાણા ભૂખ્યા અનેક શખ્સો ખુલ્લેઆમ ભેળસેળ કરવા ખાદ્ય પદાર્થની ફેકટરીઓ ચલાવી રહ્યા છે**

**ખાદ્ય પદાર્થમાં ભેળસેળ કરનાર શખ્સોને કડકમાં કડક સજા કરવામાં આવે તેવી માંગ**

**શાસકો કડક કાર્યવાહી કરવામાં શરમ અનુભવતા હોવાથી ભેળસેળીયા તત્વોને કોઈનો ડર નથી**

**અમરેલી જિલ્લા સહિત રાજયભરમાં મિલાવટખોરો અને નફાખોરો સામે ઝૂંબેશ શરૂ કરવી જોઈએ**

અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લા સહિત રાજયભરમાં ખાદ્યપદાર્થમાં ભેળસેળનું પ્રમાણ શાસકોની નિષ્ક્રીયતાનાં કારણે ઐતિહાસિક સ્તરે વધી રહ્યું છે. આમ આદમીને શુધ્ધ દૂધ, ઘી, માખણ, ફરસાણ, મીઠાઈ કે ફ્રૂટ પણ મળતું નથી. ભેળસેળીયા તત્વો અને નફાખોરોનો વાળ વાંકો થતો ન હોય તેઓની હિંમત વધી છે. ખુલ્લેઆમ ભેળસેળયુકત ખાદ્ય પદાર્થોનું વેચાણ થઈ રહ્યું છે. ફુડ વિભાગ જાણી જોઈને આંખ આડા કાન કરતો હોય આમ આદમીને શું ખાવું અને શું ન ખાવું તેની ચિંતા થઈ રહી છે.

દૂધ, પનીર, માખણ, ઘી, તેલ, મસાલા, મીઠાઈ વગેરે ખાદ્ય પદાર્થોમાં ભેળસેળે તમામ સીમાઓ પાર કરી છે. નાની દુકાનોમાં થતી બેરોકટોક ભેળસેળે પણ વિકાસની વાટ અને વેગ પકડયો છે. ભેળસેળ માટે ધમધમતી ફેકટરીઓ પકડાય ત્યારે ભેળસેળની ભયાનકતાનો ખ્યાલ આવે છે. લાગે છે કે ભેળસેળની પકડાયેલી ફેકટરીઓ હિમશીલાની ટોચ માત્ર છે. ભેળસેળનાં ભસ્માસુરની અસરો એટલી ભયાવહ છે કે ભાવિ પેઢીએ તંદુરસ્તી એટલે શું એ ફકત પાઠયપુસ્તકોમાં ચિત્રો અને વર્ણનોથી જ સમજવું પડશે. વિકસિત દેશોમાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ એ સપનામાં પણ વિચારી ન શકાય જયારે ભારતમાં ભેળસેળને લગતા કાયદાઓ કાગનો વાઘ બનીને રહી ગયા છે. દશેરાના ફાફડા–જલેબીમાં ભેળસેળના નૂમનાનાં પરિણામો દિવાળીએ આવે અને દોષિતોને સજા પણ ન થાય તો સરકાર પર શંકા થવી સ્વાભાવિક છે. જનતાના આરોગ્ય સાથે ચેડા કરનારાને કોઈ કાળે માફ કરી શકયા નહી. આ માટે સરકારે કાયદાનો ચુસ્ત અમલ, દોષિતોને ત્વરિત અને કડક સજા, અસંખ્ય નમૂનાઓનું યુધ્ધના ધોરણે પૃથ્થકરણ કરાવવું વગેરે પગલાં લેવા પડશે. જનતાએ સાવચેત રહેવાની સાથે સાથે ભેળસેળને જડમૂળથી નાબૂદ કરવા દોષિતોને સજા ન થાય ત્યાં સુધી મુદો સળગતો રાખવાની જવાબદારી લેવી પડશે. ભેળસેળનો ભસ્માસુર ભાવિ પેઢીની તંદુરસ્તીને ભરખી જાય એ પહેલા સરકાર અસરકારક બને તેવી માંગ ઉભી થઈ રહી છે.

### બગસરા નજીક આવેલ

## પીઠડીયા ગામે ઘર બહાર સંતાડીને મુકેલ ચાવીથી દરવાજો ખોલી રૂા. ૪ હજારની ચોરી

**તેજ ગામે રહેતી એક મહિલા સામે ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૨૭, બગસરા તાલુકાનાં પીઠડીયા ગામે રહેતા જગદીશભાઈ હકાભાઈ ડાબસરા નામનાં ૪૦ વર્ષિય યુવકનાં ઘરનું તાળુ ઘરની બહાર સંતાડેલ ચાવીથી તેજ ગામે રહેતી એક મહિલાએ તાળુ ખોલી ઘરમાં પ્લાસ્ટીકનાં ડબલામાં રાખેલ રોકડ રકમ રૂા. ૪૦૦૦ની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ બગસરા પોલીસમાં નોંધાઈ છે.

### પોલીસ અધિકક્ષક અને નાયબ પોલીસ અધિક્ષકની સુચનાથી કાર્યવાહી

## અમરેલીની સમ્યક હોસ્પિટલમાંથી વગર લાયસન્સ ખાનગી સિકયુરીટી ચલાવતા એજન્ટ ઝડપાયા

**સ્પેશ્યલ ઓપરેશન ગૃપ દ્વારા એક આરોપીની અટકાયત**



અમરેલી, તા. ૨૭

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહ તથા ઈન્ચાજ પોલીસ અધિક્ષક એચ.બી. વોરા ધ્વારા એ.ટી.એસ. ચાર્ટર મુજબના ગંભીર પ્રકારનાં ગુન્હાઓ અટકાવવા તેમજ ગેરકાયદેસર પ્રાઈવેટ સિકયુરીટી એજન્સી લાયસન્સ ન ધરાવતા એજન્સીની તપાસ કરવા અને આવી ગેરકાયદેસરની પ્રવુત્તિ જણાય આવ્યે કાયદેસરની કાયવાહી કરવા તથા અસરકારક અને પરીણામલક્ષી કામગીરી કરવા જરૂરી સુચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવેલ. જે અન્વયે એસ.ઓ.જી. પોલીસ ઈન્સપેકટર આર.ડી. ચૌધરી તથા એસ.ઓ.જી. પોલીસ સબ ઈન્સ્પેકટર એન.બી. ભટ્ટ તથા એસ.ઓ.જી. ટીમ એ.ટી.એસ. ચાર્ટર લગત અમરેલી સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે અમરેલી ટાઉનમાં માણેકપરા ચોક બી.એમ. ચોક વિસ્તારમાં આવેલ સમ્યક મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલમાં પ્રાઈવેટ સિકયુરીટી એજન્સી લાયસન્સ ન ધરાવતા હોય અને પ્રાઈવેટ સિકયુરીટી એજન્સી ચલાવતા હોય જેથી સદરહું જગ્યાએ સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરતા તખુભાઈ બી. વાળા રહે. નાના માચીયાળા લાયસન્સ વગર પ્રાઈવેટ સિકયુરીટી એજન્સી ચલાવતા ઝડપી પાડવામાં સફળતા મળેલ છે. આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહનાઓની સુચનાં અને માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. ટીમના એ.એસ.આઈ. નાજભાઈ પોપટ તથા હેડ કોન્સ. ગોબરભાઈ લાપા તથા જીતેન્દ્રભાઈ મહેતા તથા સ્વાગતભાઈ કુવરીયા દ્વારા કરવામાં આવેલ છે.

### અમરેલી ક્રાઈમ બ્રાન્ચ દ્વારા

## ઘરફોડ ચોરીનાં ગુન્હાના આરોપીની અટકાયત કરાઈ



અમરેલી, તા. ૨૭

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે અમરેલી તાલુકા તથા ભાવનગર જિલ્લાના બોરતળાવ, વરતેજ તેમજ અમદાવાદ જિલ્લાના ચાંગોદર પોલીસ સ્ટેશનના ઘરફોડ ચોરીઓના ગુનાઓમાં પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતો ફરતો આરોપી મુકેશ નારૂભાઈ ગણાવા (રહે. ઝરીબુજગ, તા. ગરબાડા, જિ. દાહોદ) વાળાને ટેકનીકલ સોસ અને બાતમી હકિકત આધારે પકડી પાડી આગળની કાયવાહી થવા સારૂ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

## મોટા ઝીંઝુડા પ્રાથમિક શાળા અને પીઠવડી પે સેન્ટરનું ગૌરવ



સાવરકુંડલા, તા. ૨૭

૧૭ મો રાજયકક્ષાનો ગણિત મહોત્સવ પાલીતાણા મુકામે તારીખ ૨૧ અને ૨૨ ઓક્ટોબર ૨૦૨૩ નાં રોજ યોજાયેલો.જેમાં શ્રી મોટા ઝીંઝુડા પ્રાથમિક શાળાની કૃતિ MATHS MODILE PRESENTATION ગુજરાત ફર્સ્ટ આવી છે. ઉપાધ્યાય દેવાંગ વિભાકરભાઈ અને આંબલીયા અર્પિત બાબુભાઈ ને ગોલ્ડ મેડલ,ટ્રોફી અને સર્ટિફિકેટથી સન્માનિત કરવામાં આવ્યા.હવે પછી આ બાળકો નેશનલ લેવલની સ્પર્ધા માં છત્તીસગઢ જશે.

### ૪ દિવસ પહેલા સ્થાનિક તંત્રએ મૃતદેહ બહાર કાઢયો

## અમરેલીનાં કામનાથ જળાશયમાંથી અજાણ્યા વ્યકિતનો મૃતદેહ મળી આવ્યો

**અજાણ્યા વ્યકિતની ઓળખ મેળવવા તજવીજ શરૂ**

અમરેલી, તા. ૨૭

ગત તા. ૨૪ના સાંજના આશરે પાંચેક વાગ્યાના સુમારે કામનાથ મંદિરના ગેટ પાસે પાણીપુરીના લારીવાળા જે દરરોજ રોડની બંને સાઈડ ઊભા રહે છે જે આજે એક સાઈડના દરવાજા પાસે ઉભેલ હોય તેથી પૂછપરછ કરતાં તેઓએ કહેલ કે નદી બાજુની સાઈડમાંથી વાસ આવે છે. તેમ કહેતા ત્યાં ગેટની આગળ નદી બાજુ બાવળની કાંટ છે ત્યાં તપાસ કરતાં ત્યાં નદીમાં એક પુરૂષની ઉંધી પડેલ લાશ હતી અને તેમાંથી વાસ આવતી હતી. જે અંગે અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરેલ. જે અજાણ્યો પુરૂષ જેની ઉંમર આશરે ૬૦ વર્ષથી વધારે જેનું શરીર મજબૂત બાંધાનું તથા દાઢી તથા માથાના વાળ વધારેલા છે જેનો ડાબો હાથ વિકલાંગ હોવાનું જણાય છે. તેમાં જ જમણા હાથની કલાઈના ભાગે શ્રી ચામુંડા ત્રોફાવેલ છે તથા હાથ (જમણા) પોચા ઉપર ' સીએમ' ત્રોફાવેલ છે તથા જમણા હાથના કાંડા ઉપર કાળા કલરની રબરની રિંગ તથા લાલ કલરનો એક રૂદ્રાક્ષ પારાવાળો દોરો બાંધેલ છે તથા ગળામાં પારાવાળી માળા પહેરેલ છે જે ઘઉંવર્ણ જેની ઉંચાઈ આશરે સાડા પાંચ ફૂટથી વધારે વિકલાંગ ભિટ્ટ જેવો છે જેણે શરીરે સફેદ કલરનો અડધી બાંઈનો જમો તથા લાલ કાપડની ધોતી પહેરેલ છે જે ધોતી પર કેસરી કલરનો લીરો બાંધેલ છે જે પાણીમાં કોઈપણ રીતે ડૂબી જવાથી મરણ ગયેલ હોય અને લાશ એકદમ ફૂલી ગયેલ તથા દુર્ગંધ મારતી લાશ ઉપર જીણી જીવાત થઈ ગયેલ છે. જે આશરે ચારેક દિવસથી મરણ ગયેલ હોય તેવું લાગે છે. જે સદરહું લાશ કોઈ અજાણ્યા પુરૂષની હોય જેને કોઈ ઓળખતા હોય તો સીટી પોલીસ સ્ટેશનમાં સંપર્ક કરવા જણાવ્યું છે.

### સંતો–મંહતો એન રાજકીય આગેવાનોની ઉપસ્થિતિમાં

## ચલાલા ખાતે આજે રાત્રિનાં મારૂતિ ગૃપ દ્વારા રાસોત્સવનું આયોજન

**જાહેરજનતાને ઉપસ્થિત રહેવા અનુરોધ થયો**

ચલાલા, તા. ૨૭

ચલાલા અંશાઅવતાર દાનમહારાજની પવિત્રભુમી એવા ચલાલામાં આવતીકાલ શનીવારે રાત્રીના ૯ કલાકે ચલાલા નગર પાલિકાના ઉપ પ્રમુખ જયરાજવાળા મારૂતી ગૃપનાં જયરાજભાઈ જેબલીયા, અને સંજયભાઈ ભુવાના માર્ગદર્શન નીચે મારૂતી ગૃપનાં યુવાનો દ્વારા મારૂતી સોસાયટીમાં શરદપુનમની રઢીયાળી રાત્રીનાં ભવ્ય શરદોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. આ રાસગરબાનાં આયોજનમાં કાવ્યા મ્યુઝીકલ ગ્રૃપનાં સથવારે બહેનો અને ભાઈઓ રાસ ગરબાની રમજટ



બોલવશે. કાર્યક્રમનાં અંતે દુધ પૌવા અને અલ્પાહારની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. આ શરદોત્સવના કાર્યક્રમ રાસ ગરબા રમતી બહેનો અને દિકરીઓને આકર્ષક ઈનામો મારૂતીગૃપ અને દાતાઓ દ્વારા આપવામાં આવશે. આ ભાવ શરદોત્સવ કાર્યક્રમમાં ધારાસભ્ય જે.વી.કાકડીયા, દાનબાપુની જગયાના લઘુમંહત પુ.મહાવીરબાપુ, પુ. ઉદયબાપુ ભગત, મહિપતબાપુ ગોસાઈ, ગાયત્રી સંસ્કાર ધામનાં વડા પુ. રતિદાદા, મહેશભાઈા મહેતા, હિમતભાઈ દોગો, પ્રવિણભાઈ માલવીયા, પ્રકાશભાઈ કારીયા, ભૈયલુભાઈ વાળા, ડો.દેવકુભાઈ વાળ ા, મહેન્દ્રભાઈ સાદ્રાણી સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહે છે. આ કાર્યક્રમને સફળ બનાવવા મારૂતી ગ્રૃપનાં તમામ સભ્યો ભારે જહેમત ઉઠાવી તાડમાર તૈયારી કરી રહયા છે.

# સાવરકુંડલા ખાતે લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) દ્વારા નેત્રયજ્ઞ યોજાયો











લાયન્સ કલબ ઈન્ટરનેશનલનાં મહત્વનાં સાઈટ ફર્સ્ટ પ્રોજેકટ હેઠળ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) અને શ્રી સદગુરૂ કબીર સાહેબ સેવા ટ્રસ્ટ સાવરકુંડલાનાં ઉપક્રમે તેમજ અને રમાબેન અનિલભાઈ પારેખ મુંબઈનાં આર્થિક સહયોગથી ૧૦૯મો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ કબીર ટેકરી સાવરકુંડલા મુકામે તા.૨૬/૧૦/૨૦૨૩ ને ગુરૂવારે સવારે ૯ કલાકે આયોજન કરવામાં આવેલ હતું. નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું દિપપ્રાગટ શ્રી સદગુરૂ કબીલ સાહેબ સેવા ટ્રસ્ટ સાવરકુંડલાના મહંતશ્રી નારાયણ સાહેબ દ્વારા કરવામાં આવેલ અને તેઓએ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ને શુભેચ્છાઓ પાઠવી હતી અને વધુમાં વધુ દર્દીઓને લાભ લેવા અપીલ કરી હતી.આ કેમ્પમાં આંખનાં રોગ જેવા કે મોતિયો, ઝામર, વેલ, પરવાળા, ત્રાંસી, આંખની કીકી, પડદા તથા આંખનાં તમામ રોગોની તપાસ આંખનાં નિષ્ણાંત ડોકરટ દ્વારા કરવામાં આવેલ હતી. જરૂરિયાતમંદ દર્દીઓને નેત્રાલય અમરેલીમાં લાવીને મોતિયાનાં ટાંકા વગરનાં ઓપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામાં આવનાર છે. આ ઉપરાંત નેત્ર જાળવણી અને જાગૃતિ અંગેની ૫,૦૦૦ પત્રિકાનું વિતરણ કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં ૧૦૨ દર્દીઓએ લાભ લીધો હતો. અને ૧૯ દર્દીઓને નેત્રમણી આરોપણ કરવામાં આવેલ છે. દરેક દર્દીઓનાં બ્લડ પ્રેશર તેમજ બ્લડ સુગર ચકાસવામાં આવેલ હતા.જરૂરીયાતમંદ વ્યકિતઓની આંખનાં નજીક તથા દુરનાં નંબરની તપાસ કરવામાં આવેલ તેમજ કેમ્પ સ્થળ ઉપર નંબર પ્રમાણે રાહત ભાવે ચશ્મા બનાવી આપેલ હતા. હવેથી લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) તેમજ નેત્રાલયનાં સહયોગથી નિયમિત રીતે દર મહિનાનાં ચોથા ગુરૂવારે કબીર ટેકરી સાવરકુંડલામાં નેત્રમણી નિદાન અને સારવાર કેમ્પનું આયોજન થનાર છે. આ કેમ્પને સફળ બનાવવા માટે લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) તરફથી સેક્રેટરી લાયન ઋજુલભાઈ ગોંડલીયા, લાયન પ્રા. એમ.એમ. પટેલ, લાયન સાહસભાઈ ઉપાધ્યાય તેમજ નેત્રાલય તરફથી ડો.હાર્દિક કાલરીયા, કિર્તીભાઈ ભટ્ટ, નિલેશભાઈ ભીલ, હિંમતભાઈ કાછડીયા અને તેમની ટીમ તેમજ વિશાલભાઈ વ્યાસ, જીતેનભાઈ હેલૈયા, પટેલ બેટરીવાળા વિઠ્લભાઈ પટેલ વગેરે દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી. તેમ પ્રમુખ લાયન કિશોરભાઈ શિરોયાની યાદી જણાવે છે.

## ગુજરાતનાં તમામ જિલ્લામાંથી માટી ભેગી કરાઈ અને મણીપુરની અવગણના થતાં

# ભાજપા પ્રમુખને કોંગ્રેસે મણીપુરની માટીનો કળશ મોકલ્યો

### મણીપુર ભારતનું અમૂલ્ય રાજય છે જયાં ૧૮૦ દિવસથી હિંસાનો દોર શરૂ છે

### કોંગ્રેસ પક્ષે મણીપુરથી આવેલ માટીનાં કળશને કુરીયરનાં માધ્યમથી પ્રદેશ પ્રમુખને મોકલ્યો

### ભાજપનાં પ્રમુખને માટીનો કળશ સ્વીકારીને મણીપુરની માટીને દિલ્હી ખાતે મોકલી આપવા જણાવ્યું

### મણીપુરમાં ૬૫૦૦થી વધુ ઘરો સળગ્યા છે, ૭ હજાર ફરિયાદ નોંધાઈ ચુકી છે

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં મીડિયા કો-કન્વીનર અને પ્રવકતા હેમાંગ રાવલ, પ્રકવતા પાર્થીવરાજસિંહ કઠવાડીયા, હિરેન બેંકર, નિશાંત રાવલે સંયુકત પ્રેસ વાર્તામાં પત્રકારોને સંબોધન કરતા જણાવ્યું હતું કે, મેરી મીટટી મેરા દેશ અંતર્ગત ભારતીય જનતા પાર્ટી ધ્વારા આખા દેશના અને ગુજરાતના તમામ જીલ્લાઓમાંથી માટી ભેગી કરાઈ રહી છે પરંતુ મણીપુરની માટી અને મણીપુરની અવગણના કરવામાં આવી રહી છે. મણીપુર પ્રદેશ કોંગ્રેસ સમિતિ ધ્વારા મણીપુરની માટી ગુજરાતમાં કુરીયા ધ્વારા મોકલવામાં આવેલ છે. ગુજરાત કોંગ્રેસ ધ્વારા ભારતીય જનતા પાર્ટી પ્રમુખ સી.આર. પાટીલને મણીપુરથી આવેલ માટીના કળશને કુરીયરના માધ્યમ ધ્વારા મોકલેલ છે અને અપેક્ષા રાખીએ કે આ મણીપુરની માટી "મેરી મીટટી મેરા દેશ" અંતર્ગત સ્વીકારવામાં આવે તથા ગુજરાતની સાથે આ માટીને પણ દિલ્હી મોકલવામાં આવે.

મણીપુરમાં મહિલાને નિર્વસ્ત્ર કરીને જાહેરમાં કરેલ બર્બરતા પૂર્ણ કૃત્ય ત્યારબાદ થયેલા સામૂહિક બળાત્કારના પાશવી કૃત્ય બાબતે કડકમાં કડક પગલા લઈ દોષિતોને સજા થાય તથા ૧૮૦ દિવસ કરતા વધુ દિવસથી ચાલી રહેલી હિંસા રોકવામાં નિષ્ફળ ગયેલી રાજય તથા કેન્દ્રની ભાજપ સરકારને પદભ્રષ્ટ કરવાની માંગ સાથે સમગ્ર દેશ ચિંતામાં છે. પણ કેન્દ્ર સરકાર અને રાજય સરકાર આ અંગે તદન ઉદાસીન છે. કેટલાક વાઈરલ થયેલા છે જેમાં રાક્ષસો બે મહિલાઓ સાથે એવા કૃત્યો કરી રહ્યા છે જેવા કોઈ હિંસક પશુ પણ ન કરે. આ દાનવોને માનવ ગણવા એ પણ માનવતાનું અપમાન છે.

મણીપુરમાં જે રીતે અવિરત હિંસા અટકવાનું નામ નથી લેતી. જયાં મણીપુરના મુખ્યમંત્રીને મણીપુરને અશાંત રાજય જાહેર કરવું પડયું તેમ છતાં આ મુખ્યમંત્રીને ભારતીય જનતા પાર્ટી ધ્વારા નિષ્કાસીત કરવામાં આવતા નથી. ગુજરાતમાં બે વાર મુખ્યમંત્રી બદલાય, કર્ણાટકમાં બે વાર મુખ્યમંત્રી બદલાય, ઉત્તરાખંડામાં ત્રણ વાર મુખ્યમંત્રી બદલાય તો પ્રધાનમંત્રી મોદી મણીપુરના મુખ્યમંત્રીને કેમ બદલવા તૈયાર નથી ? મણીપુરમાં ૬૫૦૦થી વધુ ઘરો સળગ્યા છે, ૭૦૦૦થી વધુ પોલીસ એફઆઈઆર થઈ છે. સાથે સાથે ભાજપના કેન્દ્રીય મંત્રીનું પણ ઘર સળગ્યું છે. ૫૦૦૦થી વધારે હથીયારોની પોલીસ સ્ટેશનોમાંથી લૂંટ થાય છે, ૬ લાખથી વધુ બુલેટ તોફાનીઓના હાથમાં આવી ગયા છે અને ૬૫ હજારથી વધુ આદિવાસી દેશવાસીઓ ઘરવિહોણા થઈ ગયા છે. આટલી ગંભીર પરિસ્થિતિ હોવા છતાં પણ ગુજરાત ભારતીય જનતા પાર્ટી મણીપુર અથવા મણીપુરની માટી વિશે બોલવા તૈયાર નથી. આજે મણીપુરમાં ઈઝરાયલ-પેલેસ્ટાઈનના યુધ્ધ કરતા પણ ગંભીર પરિસ્થિતિ છે તેનું નિરાકરણ લાવવું દેશ માટે ખૂબ જ અગત્યનું છે.




જેથી આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ધ્વારા ભારતીય જનતા પાર્ટી પ્રમુખ સી.આર. પાટીલને મણીપુરથી આવેલ માટીને કમલમમાં મોકલવામાં આવેલ છે. આશા છે કે ભાજપનાં અદયક્ષ આ માટીને સ્વીકારીને મણીપુરની માટીને દિલ્હી અમૃતવનમાં મોકલીને મણીપુર દેશનું એક અમૂલ્ય રાજય છે તે પ્રસ્થાપિત કરશે.

# રાજુલા તાલુકામાં ૧૮૧ ની ટીમે પારિવારિક ઝઘડાનું કરાવ્યું સુખદ સમાધાન

અમરેલી તા. ૨૭

રાજુલા વિસ્તારમા ત્રણ બાળ કોના પિતા એવા કોઈ પ્રકારની નોકરી ધંધો કરતા ન હોવાથી મહિલા બાળકોના ભવિષ્ય અને ઘરનું ધ્યાન રાખવા છૂટક મજૂરી કામકરી ઘરની જવાબદારી ઉઠવતી હતી જોકે તેમ છતાં તેમના પતિ કાયમ માટે ગેરવર્તન કરી નશાની હાલતમા અપશબ્દ બોલી મહિલાને મારપીટ કરતો અને ઘરમાં બાળકોનું જમવાનું બનાવેલ કુતરાને ફેંકી દેતોને ઘરમાં અનાજને પણ વેચી વ્યસનમા વેડફી નાખતો મહિલાએ તેમના પતિ ને ધંધો કરવાની વાત કરતા મહિલાને ઘરની બહાર કાઢી મુકવાની ધમકી આપી ઝઘડા કરતો જેથી મહિલા દ્વારા ૧૮૧ અભયમ હેલ્પલાઈનની મદદ માંગી હતી ટીમ તાત્કાલિક ઘટના સ્થળ દોડી આવી કાઉન્સિલર કાજલ પરમાર દ્વારા મહિલા સાથે વાત કરી હતી અભયમની ટીમે મહિલાના પતિનું કાઉન્સલિંગ કરૂ હતું અભયમ દ્વારા પતિનું અસરકારક કાઉન્સલિંગ કરતા જણાવેલ કે આજની મોંઘવારીમા પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ છે અને તમે કોઈ જ આર્થિક પ્રવુતિ કરતા નથી જે શરમ જનક વાત છે મજૂરી કામ કરી બાળકો ને પત્ની ની જવાબદારી લ્યો હાલ તમારી પત્ની છૂટક મજૂરી કરી ગુજરાન ચલાવે છે તો તમે તેના પર આક્ષેપ કરો છો કે તેમને અન્ય પુરૂષ સાથે સબંધ છે ને આસપાસ રહેતી મહિલા સાથે મજૂરી કામ કરવા જાય તો ના પાડે છે તો તમે નોકરી ધંધો શરૂ કરો તો બધા ઝઘડા દૂર થશે પતિ અને પિતાની જવાબદારી નું ભાન કરાવ્યું તેઓ મજૂરી કામ શરૂ કરશે અને પત્ની અને બાળકોની જવાબદારી લેવાની બાંહેધરી આપી આમ કાઉન્સલિંગથી એક ગરીબ ઘરમાં અભયમે સુખદ સમાધાન કરાવ્યું હતું.

# અમરેલી બજરંગ દળ દ્વારા બાય બાય નવરાત્રિ યોજાઈ

અમરેલી, તા. ૨૭

અમરેલીમાં બજરંગ દળ દ્વારા આયોજિત બાય બાય નવરાત્રીમાં ગુજરાત વિધાન સભાના નાયબ મુખ્ય દંડક કેશિકભાઈ વેકરિયાની ખાસ ઉપસ્થિતિ રહી નવલા નોરતાની સમગ્ર રાજય અને દેશભરમાં નવ દિવસ માતાજીની આરાધના સાથે નવરાત્રી મહોત્સવના આયોજન કરવામાં આવ્યા હતા.અંતિમ દિવસોમાં અમરેલી જિલ્લામા પણ આયોજન કરવામાં આવ્યા હતા જયારે અમરેલી તુલસી પાર્ટીપ્લોટ ખાતે બજરંગ દળ દ્વારા બાય બાય નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગૂજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક અને અમરેલીનાં ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, અમર ડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, અમરેલી જિલ્લા પંચાયતના પ્રમૂખ ભરતભાઈ સુતરીયા અને અમરેલી જિલ્લા ભાજપની ટીમ, શહેર ભાજપની ટીમ સહિતના રાજકીય અગ્રણીઓ, સંતો મહંતો અને ખેલૈયાઓની ઉપસ્થિતિમાં પ્રથમ માતાજીની આરાધના કરવામાં આવી હતી ત્યાર બાદ ખેલૈયાઓ ગરબે



ઘુમ્યા હતા અને વિજેતા બનેલા ખેલૈયાઓને ઈનામો આપવમાં આવ્યા હતા આ સમગ્ર આયોજન બજરંગ દળ દ્વારા કરવામાં આવ્યુ હતું.

તક ને તેડા ના હોય... નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે. છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
૫ વસ્તુનો બાથરૂમ સેટ ▪ડોલ (૨૫ લી.) ▪પાટલો ▪ટમ્બલર ▪સોપ હોલ્ડર ▪બ્રસ હોલ્ડર માત્ર રૂા. ૩૫૦/-માં
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

▪ કાર ▪ બાઈક ▪ ટ્રેકટર ▪ ટ્રક ▪ બસ
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ કિલનિક
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩

આવતા તહેવારોના શુભ અવસરે વસાવો
''માઈલેજનો મહારથી'' ટુ-વ્હીલર
BAJAJ
CT 110 | Platina 100
સર્વશ્રેષ્ઠ માઈલેજ 85* Per Liter
ન્યુનતમ મેન્ટેનન્સ
વૃંદા ઓટો (બજાજ)
ગોપી સિનેમા સામે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૩૮૩૧ ૩૯૩૩૩

''શ્રી વલ્લભ'' Navnit
MARUTI SUZUKI ARENA
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

YAMAHA RACING ॥ વંદે માતરમ્ ॥ FZS
lord of the streets
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
Side Stand Engine cut-off Switch | Light Weight | 3D Emblem | Durable 149cc fuel Injection Engine | Two-level Single Piece Seat
ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

HONDA સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી.

''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જોઇએ છે
અમરેલી એક્સપ્રેસ કાર્યાલય માટે નીચેની જગ્યા માટે નિમણુંક કરવાની હોય ઇચ્છુક વ્યકિતઓએ સંપર્ક કરવો.
કોમ્પ્યુટર ઓપરેટર.....................૪
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગમાં અનુભવી
ઓફિસબોય.............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨


Hero
go BIG go XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero

એકદમ ક્રિસ્પી ખાજલી
મોહનથાળ | ગુલાબ જાંબુ | ટોપરાપાક | લાડુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઇ : મો. ૯૪૨૬૪ ૪૮૯૯૨

# વાર્તા–વૈભવ

## રીજેક્શન

### અર્જુનસિંહ કે. રાઉલજી



અર્જુનસિંહ કે. રાઉલજી
૪૨, કૃષ્ણશાંતિ સોસાસાટી–૨, મુજમહુડા, અકોટા રોડ, વડોદરા–૩૯૦૦૨૦
મો.૯૯૭૪૦૬૪૯૯૧
: ઈ–મેઈલ :
a.k.raulji@gmail.com

નામ તો એનું સલોની હતુ, પણ અમલ તેને ચિડિયા જ કહેતો હતો. સોલનીને સપના જોવાની આદત હતી.... એટલું જ નહીં પણ તેને બધા સપના યાદ પણ રહેતા હતા અને સપનાની વાતો કરતી કરતી તે વાસ્તવિકતા પણ ભૂલી જતી હતી...! ભલા એવું તો કંઈ હોતુ હશે ? અમલને પણ સપના જોવાની આદત હતી, પણ તેને કયારેય પુરા સપના આવતા નહોતા કે પછી કદાચ આખા સપના યાદ જ નહોતા રહેતા અને સપનામાં પણ તે મારા ડાલૂંગા, કાટ ડાલૂંગા... તું ચિડિયા હૈ તો મૈ તેરે પંખ કાટ ડાલૂંગા...વગેરે વગેરે બૂમો પાડતો જ રહેતો...! પંખ કાટ ડાલૂંગા... ફીર તું ઉડ ભી નહીં શકેગી...! ધડામ સે નીચે ગિર પડેગી ઔર ખતમ હો જાયેગી...!

તેને સોલની ઉપર દાઝ હતી. સોલનીએ તેને અને તેના પ્રપોઝલને રિજેકટ કર્યો હતો. અને અમલ તો કોલેજનો ડોન હતો. કોઈની તાકાત નહોતી તેની સામે આંખ ઉચી કરીને જોવાની...! તેની સાથે વાત કરતા તો પ્રોફેસરો પણ ગભરાતા હતા...! તેણે અત્યાર સુધીમાં તો ના જાણે કેટકેટલી તિતલીઓ ફેરવી નાખી હતી...?! કોઈ તિતલીની તાકાત નહોતી કે આ ડોનના પ્રપોઝલનો ઈનકાર કરી શકે. તે પોતે પણ સપના જોતો હતો. પણ તેને કંઈ કાયમ ચિડિયા કે તિતલીઓના જ સપના નહોતા આવતા.... તેને તો મારામારીના અને દાદાગીરીના સપના જ આવતા હતા. તે કાયમ કહેતો કે જે દાદા હોય તેને કંઈ તિતલીઓ કે ચકલીઓના સપના ના આવે...! એ તો બાયલા લોકોનું કામ છે.... બાયલાઓ કાયમ આવા જ સપના જુએ... બાયલાઓ કાયમ આજ સુપના જુએ... બહાદુરીનું તો નામોનિશાન ના હોય...! આ બધું બૈરાઓનું કામ...!

તે દિવસે પણ સલોનીએ કહયું કે આજે તો સપનામાં હું ચિડિયા બની હતી....! કેવી મસ્ત મસ્ત પાંખો...?! હવામાં ઉડવાની કેવી મજા...?! ઉંચા આકાશમાં પેલા ઉતરાયણના પતંગની જેમ...! વળી પાછી સોનેરી વાળવાળી પરી બની... ભૂખરા ભૂખરા વાળ... અને મોટી–મોટી હાથીના કાન જેવી પાંખો...! હવામાં ઉડવાની, વાદળો પાછળ લપાવાની, વાદળોની સવારી કરવાની તો મજા જ કંઈ ઓર હોય છે. તે સ્વપ્નમાં ઉડતી હતી. ઉડતી ઉડતી સોનાના પર્વત ઉપર પહોંચી ગઈ હતી. ત્યાંથી ઢ ગલો સોનું લાવવાની તૈયારી જ કરતી હતી કે તેની મમ્મીએ બુમ પાડી અને તેનું સપનું તૂટી ગયું.

તેની વાત સાંભળી અમલ ઘડી ભર તો તેના તરફ તાકી રહયો અને પછી હા... હા... હા... કરતો ખડખડાટ હસી પડયો. તે માનતો હતો કે માણસે સપના તો જોવા જોઈએ, પણ માત્ર શેખચલ્લીના નહી, વાસ્તવિક... વાસ્તવિકતાથી ઉપર નહી...! પોતાની હેસિયત પ્રમાણેના સપના જોવાનો દરેકને અધિકાર છે...! તેને તો માત્ર અને માત્ર ગુંડાગીરીના જ સપના આવતા... કોઈક રાજકુમારીનું અપહરણ કર્યુ હોય કે પછી તેના પિતા મહારાજ સાથે યુધ્ધ કીરને તેણે રાજકુમારી પ્રાપ્ત કરી હોય તેવા જ સપના આવતા કા તો રસ્તે ચાલતી કે થિયેટરમાં સિનેમા જોતી કોઈક લાવણ્યમયી કન્યા સાથે તેણે ઈલુ... ઈલુ... કર્યુ હોય એવા જ સપના આવતા સપના કયારેય પુરા થતા નહી, તેને અધુરા જ સપના આવતા... બરાબર અણીના સમયે જ... જયારે સપનું તેની ચરમસીમા ઉપર પહોંચી જવાની તૈયારી હોય જ કોઈ વિલનની, કન્યાના બાપાની કે પછી અન્ય કોઈક ત્રીજી જ વ્યકિતની એન્ટ્રી પડી જતી, તેનું સપનુ અધુરુ જ રહી જતું, તેની ખ્વાહીશ અધૂરી જ રહી જતી...!

... તું આટલું બધુ જોરથી ખડખડાટ કેમ હસી પડયો ? સોલની પૂછતી હતી...! લે... સલોનીના સપનાની વાત તો ભૂલાઈ જ ગઈ...!

.... કારણ કે એ સપનામાં હું પણ હતો, પણ તે મને જોયો જ નહોતો...!

.... લે કર લે વાત, એવું તે કંઈ હોતું હશે ? તું મારા સપનામાં હોય અને હું તને જોઉ જ નહીં એવું કેવી રીતે બને ? શું ફેંકે છે. ?

... સાચી વાત, હું તારી પાછળ જ હતો અને સંતાતો સંતાતો આવતો હતો. એટલે તું મને કયાંથી જુએ ? એ તો સારૂં સપનું તૂટી ગયું, બાકી સપનું પુરૂ થયું હોત તો તું કાંપી ઉઠત. કારણ કે મારા બંને હાથમાં બે તલવારો હતી અને તું જેવી પર્વત ઉપરથી ઉડવાનો પ્રયત્ન કરત તે સાથે જ હું તારી બંને પાંખો કાપી નાખવાનો હતો, અને તું ખીણમાં ધડામ કરીને પડત...! તારા એકે એક હાડકાના ટુકડે ટુકડા થઈ જાત અરે ! કચુંબર જ થઈ જાત ! કહેતા તે ફરીથી ખડખડાટ હસ્યો હતો. તેની દિલની તમન્ના પણ એજ હતીને ? તે તેને કાચીને કાચી જ ચાવી જવા માંગતો હતો....! તેની એ મજાલ કે તે તેના પ્રપોઝલને રીજેકટ કરી શકે....?!

તેના પ્રપોઝલને એ ચિડિયાએ રિજેકટ કર્યુ, એજ તેના માટે મોટો તમાચો હતો...! તમાચો તો ગાલ ઉપર પડે અને ગાલ લાલ–લાલ થઈ જાય. પણ સલોનીના રિજેકશનનો તમાચો તો તેના દિલ ઉપર પડયો હતો અને દિલ લાલ–લાલ થઈ ગયું હતુ...! જેણે આ તમાચો જોયો હતો, તે બધા મોંમા આંગળા નાખી ગયા હતા. અમલ આ કોલેજનો ડોન હતો. તેના બાપા પી.આઈ. હતા અને અમલના પ્રપોઝલનો ઈન્કાર કરવાની તાકાત કોઈનામાં નહોતી. ખાસ કરીને આ કોલેજની તિતલીઓમાં તો નહીં જ એવી કરી કીરને તેના સૌંદર્યને તાકયા કરતો હતો, પીધા કરતો હતો. જાણે કે કોઈ દિવસ રૂપાળી ઔરત તેણે જોઈ જ ના હોય એમ...?

તું હમણા તો લહેર કર, સપનામાં...! પણ મારો લાગે લાવવા દે... હું તારી ગરદન પણ કાકડીની માફક મચેડીના નાખું તો કહેજે... તને પણ કાચી કાકડીની માફક ખાઈ જઈશ.... કચડ... કચડ...?! જોયા કરજે.

તેને વળી તે દિવસે સપનું આવ્યું હતુ કે તેના ઘરમાં ચિડિયાએ માળો કર્યો છે તેના બાપાના ફોટા પાછળ... તેમાંથી ચિડિયા બહાર ડોકુ કાઢીને જોયા કરતી હતી. પણ એ ચિડિયાનો ચહેરો તો સોલનીનો જ ચહેરો હતો. ચાંચવાળો... તેને એ ચિડિયા ઉપર ગુસ્સો આવ્યો એટલે તેણે ફોટા પાછળથી એ માળો જ તોડી નાખ્યો, અને નીચે ફેંકયો... નીચે એક બિલાડી તાકીને જ ઉભી હતી. તે ખુશ થઈ ગયો... હમણાં આ ચિડિયા નીચે પડશે અને બીલ્લીનો શિકાર થઈ જશે રામ રમીજશે એ ચિડિયાના તેને બદલો મળી જશે ડોનને રિજેકટ કરવાનો... તે આજ તો ઈચ્છતો હતો... સા... એની એટલી તાકાત કે મારા પ્રપોઝલને ઠુકરાવે ? હમણા જ તેને મારો પરચો મળી જશે... તે બિલાડી તરફ જ તાકી રહયો હતો અને ચિડિયાના કોળિયો થવાની રાહ જોઈ રહયો હતો... પણ.... ચિડિયા નીચે પડવાના બદલે ફૂ..ર...ર... ફ...ર... કરતી ઉડી જ ગઈ. તે જોતો જ રહી ગયો...! ત્યાર પછી કયારેય એ ચિડિયા તેને દેખાઈ નથી – ના તો કોલેજમાં કે ના... કોલેજની બહાર...?!


**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઈ કાચા.**

# બાલ એકસપ્રેસ

- ઉખાણા
- બાળવાર્તા
- જોડકણા
- બાલગીત
- જોકસ

સંપાદક : રવજીભાઈ કાચા-અમરેલી

## શ્રી નાગનાથ મહાદેવ



– ડો. વસંતભાઈ પરીખ

અમરેલીમાં બંધાવાએલું શ્રી નાગનાથ મહાદેવનું મંદિર બીજા પ્રકારનું છે. તેમાં શિવલિંગનું સ્વયંભૂ પ્રાગટય થયું છે. એ પ્રાગટય વિષે નીચેની એક મધુર કથા પ્રસિદ્ધ છે. અમરેલીમાં સરસુબા શ્રી વિઠ્ઠલરાવ દેવાજી વાસ કરતા હતા. એમનાં બંગલાની દક્ષિણ બાજુનાં વનમાં માલધારીઓ ઢોર ચરાવતા હતા. શ્રી વિઠ્ઠલરાવ દેવાજીની ગાયો પણ તેમનો ભરવાડ ત્યાં ચરાવવા જતો હતો. જુદી–જુદી ગાયોનાં ઘણ છુટથી ચર્યા કરતા, અને ભરવાડો સાથે મળી આનંદ કિલ્લોલ કરતા હતા. ગોધૂલિ સમયે પાછા ફરતા અને ગાયો દોહતા.

**નગરનું ભાગ્ય જાગ્યું**

શ્રી વિઠ્ઠલરાવજીની ગાયો કેટલાક સમયથી ઓછું દુધ આપે છે એમ એકવાર તેમનાં ભરવાડનાં ધ્યાનમાં આવ્યું. તે મુંઝાયો, અકળાયો અને આનું કારણ શોધવા માટે વિશેષ ધ્યાન આપવા લાગ્યો, તેણે જોયું કે આ ગાયો બીજી ગાયોની અલગ પડી દુર સુધી જાય છે.

ભરવાડ આ ગાયોની પાછળ ગયો અને તેણે જે જોયું તેનાથી સ્તબ્ધ બની ગયો. એક સ્થળે ગાયો ઉભી હતી. અને એમનાં આંચળમાંથી દુધની ધારા વહેતી હતી. જાણે ધરતી પર ભુલી પડેલી નંદનવનની દિવ્ય ધૈનુઓ પોતાનાં આરાધ્ય સર્વેશ્વર દેવને અંતરનાં અમીથી અંઘોળ કરાવતી હતી !

આશ્વર્યમુગ્ધ થએલો ગોપાલક હાથ જોડી ઉભો રહી ગયો. ગાયોનાં શરીર પર ભકિતપુર્વક હાથ ફેરવવા લાગ્યો તેનાં મનમાં શાંતિથી લહેરો વાવા લાગી. આ સ્થાન અદભૂત છે. પવિત્ર છે, અહિ દેવોનો વાસ છે.

એમ એના સરળ ચિતમાં ભકિતનાં ઉભરા આવવા લાગ્યા. એટલે મહાદેવ સ્વયંભુ લિંગરૂપે પ્રગટ થયા. કોઈએ કહયું કે ભોળાનાથ પર ફેણનું છત્ર કરતો એક નાગ પણ અહીં કયારેક કયારેક જોવા મળે છે. આ પુનિત દ્રશ્યથી લોકો ગદગદિત થઈ ગયા ! અમરેલીનાં આંગણે કૈલાસપતિ સામે ચાલીને પધારે એનાથી મોટું ભાગ્ય બીજું કયું હોઈ શકે ? આ ધન્ય પ્રસંગને અમર બનાવવા એક સુંદર વિશાળ મંદિર બનાવવાનો શ્રી વિઠ્ઠલરાવજીએ સંકલ્પ કર્યો. ગાયકવાડ

## ભાતીગળ સૌરાષ્ટ્ર


તો એક દિવસ જયારે શ્રી વિઠ્ઠલરાવજીએ દુધ ઓછું કેમ આવે છે એમ પુછયું ત્યારે હાથ જોડીને તેણે આ ઘટના રોમાંચિત થઈને કહી દીધી. એક પળ માટે તો દિવાનજીને ભરવાડ પર સંદેહ થયો. પણ એની નિષ્પાપ આંખોમાં સચ્ચાઈના દીપ ચમકતા જોયા, દિવાનજીએ બીજા દિવસે ભરવાડે કહેલી ઘટના પ્રત્યક્ષ જોવાનું નકકી કરી લીધું. તે પ્રમાણે તેમણે પણ જયારે કોઈ અદષ્ટ શિવલિંગ પર અભિષેક કરવા દુધધારા વહેવડાવતી ગૌમાતાને જોઈ ત્યારે તેઓ આશ્વર્ય પામ્યા.

આ અલૌકિક ઘટના પર વિચાર કરવા લાગ્યા. રાત્રે સ્વપ્નમાં જાણે કોઈ તેમને કહી રહયું. આ નગરનું ભાગ્ય જાગ્યું છે. તારા હાથે અનેક સુકાર્યો થવાનાં છે. મને અહી વસવાનું મન થયું છે. આવ, હું પ્રગટ થવા ઈચ્છું છું.

શ્રી વિઠ્ઠલરાવ દિવાનજીએ સમય ગુમાવ્યા વિના આ પવિત્ર સ્થાને કાળજીપુર્વક ખોદકામ કરાવ્યું અને સમસ્ત વિશ્વનાં પાલનહાર આશુતોષ ભોળાનાથ મહારાજને આ ઘટના જણાવી, અને રાજયે આ મંદિર બાંધવામાં સહકાર આપ્યો.

શિલાલેખ : વિક્રમ સંવત ૧૮૬૯ શકે ૧૭૩૪ (ઈ.સ.૧૮૧૨–૧૩) મહા સુદી છઠ્ઠ : બુધવાર, કર્કનાં બૃહસ્પતિ, કુંભનાં ચંદ્રમાં પરિઘયોગ, શતભિષા નક્ષત્ર, કૌરવકર્ણયુકત મીન લગ્નમાં શ્રી નાગનાથ મહાદેવ મંદિરનો પાયો નખાયો. તથા મંદિરના શિલાલેખમાં જણાવ્યા મુજબ 'સંવત ૧૮૭૩, શકે ૧૭૩૯નાં વૈશાખ સુદ બારશને સોમવારે ૧ હસ્ત નક્ષત્ર તથા શુભ બાલવ કર્ણ (કરણ) તથા હર્ષલ યોગમાં પાર્વતીજી નંદીનાથ તથા કમઠ કાચબો અને ગણપતિ મારૂતિ તથા કિલ્લાની પ્રતિષ્ઠા સોનાનાં કળશથી રા.શ્રી વિઠ્ઠલરાવ દિવાને કરાવી, સંવત ૧૮૭૩ શકે ૧૭૩૯ વૈશાખ સુદ બારશ સોમવારે વિઠ્ઠલરાવ દેવાજી દિવાન સાહેબે શ્રી નાગેશ્વરનો પ્ર(પ્રા) સાદ સંપુર્ણ કરાવ્યો છે.

## એ દુઃખ શાપ હતુ કે વરદાન





અમદાવાદના એક ભાઈ દયાલદાસ ખુબ દારૂ પીતા, એકવાર તેઓ સ્વામીજીના દર્શન કરવા આવ્યા. જો કે આવ્યા હતા તો અકકડ થઈને, પણ એ સંતદર્શને કોણ જાણે કેવો ચમત્કાર કરી દીધો કે એમણે સ્વામીજીને વચન આપી દીધું : આપ કહો છો તેથી હવે દારૂ નહિ પીઉ. થોડા જ દિવસો પછી એમનાં મિત્રે એમને ખુબ ઉંચા દારૂનો એક શીશો મોકલ્યો. એમણે પોતાની જુની આદત પ્રમાણે શીશો મોંએ માંડયો અને જે અનુભવ થયો તે તા.૧૬/૧/૭૬ ને શુક્રવારે રાત્રે કેટલાક સત્સંગી ભકતો આગળ આ પ્રમાણે રજુ કર્યો :

'ખબરદાર ! પીશ નહિ....'' કયાંકથી અવાજ આવ્યો. મેં આસપાસ જોયું. કોઈ દેખાયું નહિ. મે ફરીથી શીશો મોંએ માંડયો કે તરત એ જ અવાજ ફરી સંભળાયો. સમજાતું ન હતું કે એ અવાજ કયાંથી આવતો હતો. બહારથી આવતો હતો કે અંદરથી ? મારા કાન એ અવાજ સાભળતા હતા કે મન ? મારો ભ્રમ તો નથી ને ? પણ શું કરૂ, આવો ઉંચો માલ ! ભલે થોડોક પણ આજે પી જ લઉં. મેં શીશો મોંએ માંડયો. આ વખતે મને લાગ્યું કે જાણે અંદરથી આંખુ હૃદય ઉકળીને કહી રહયું છે :

''પીશ નહિ.... પાછળથી પસ્તાઈશ !''

પરંતુ કેટલાંક ઘુંટડા ગળા નીચે ઉતરી જ ગયા. હવે મને ભાન થવા લાગ્યું કે : ના ના !! એ મારો ભ્રમ ન હતો પણ સ્વામીજીનો જ અવાજ હતો. ભલે ગમે ત્યાંથી આવ્યો હોય. બધાની આંખોમાં ધુળ નાખનાર હું આજે મનની ચાલબાજીનો શિકાર થઈ ગયો હતો. દરરોજ દોઢ બે શીશા દારૂનાં પીનાર હું આજે દારૂનાં કેટલાક ઘુંટડા પણ પચાવી ન શકયો. મારૂં આંખુ શરીર ઉલટી, ઝાડા અને પેટની ,પીડાથી હચમચી ઉઠયું. આખી રાત મારા પર જે વીત્યું તે હું જ જાણું છું. રાત્રે બે વાગે મેં સ્વામીજીનાં ફોટા આગળા બેસીને ખુબ પશ્વાતાપ કર્યો.

સ્વામીજીના આશીર્વાદથી મારા જેવો દારૂનો શિકાર અને વ્યસનોમાં ફસાયેલો. ભૂલોનો ખજાનો આજે આપની ાસામે ઈશ્વર પ્રાપ્તિના પંથનાં પંથિકનાં રૂપમાં ઉભો છે. આજે પણ એ રાત્રિનાં દારૂણ દુઃખને યાદ કરૂ છું. ત્યારે વિચારૂ છું કે આવા મંગળ જીવન તરફ ધકેલનાર એ દારૂણ દુઃખ શાપરૂપ ન હતું પણ વરદાનરૂપ હતું. ધન્ય છે આવા મહાપુરૂષો અને ધન્ય છે. એમનાં કૃપાપાત્ર મારા જેવો....''

## દરેક સજીવને કરીએ પ્રેમ

**– પ્રકાશ ડી. કુબાવત**



આજ માધવ બહુ ખુશ હતો. વેકેશન પડી ગયુ હોવાથી તે આજે મામાનાં ઘરે જઈ રહયો હતો. મામાનો દીકરો કુશ પણ માધવ જેવડો જ હતો.

રસ્તામાં પણ માધવ એજ વિચારી રહયો હતો. કે કયારે મામાનાં ઘેર પહોંચું અને કુશની સાથે રમું !

માધવનાં મામા દિપકભાઈ ગામડે રહેતા હતા. માધવ પણ દર વેકેશનમાં મામાનાં ઘરે જતો. તેને ગામડું બહુ જ ગમતું.

તે મામાના ખેતરે જતો. ગામમાં આવેલી નદીમાં નહાવા પણ જતો, નદીનાં કાંઠે આવેલા વૃક્ષો પર ચડતો. તેને અહી ખુબ જ મજા આવતી હતી.

એક દિવસ માધવ અને કુશ નદી કિનારે રમી રહયા હતા. ત્યાં કૂતરીનાં ત્રણ ચાર ગલૂડિયા આવ્યા. માધવે આ ગલૂડિયાને ખૂબ જ પજવ્યાં. તેને રમાડવાને બદલે બહુ હેરાન કર્યા. કુશ અને બીજા છોકરાઓએ ગલૂડિયાને રમાડયા. માધવને તેને હેરાન ન કરવા કહયું પણ માને તો માધવ શેનો ?

દિપકભાઈએ એક બકરી પાળી હતી. કુશ બકરીને ખૂબ વહાલ કરતો. જયારે માધવતો ઘડીક બકરીનું પુંછડુ ખેંચે તો ઘડીક તેના શીંગડા પણ ખેંચે તે નિરાંતે બેઠી હોય તોપણ તેને ઉઠાડી હેરાન કરે. વેકેશનમાં માધવ આવે તે બકરીને જરા પણ ગમે નહીં.

રમીને ખુબ થાકી ગયા હોવાથી રાત્રે માધવ જમીને તરત જ સૂઈ ગયો. સૂતાવેત તેને એક સપનું આવ્યું.

સપનામાં તેણે જોયું તો ભૂકંપ આવ્યો હતો. ચારેબાજુ મકાનો પડી ગયા હતા. તેના મામાનું મકાન પણ પડી ગયું હતું. તે અને કુશ પણ મકાનનાં કાટમાંથી નીચે દટાયેલા પડયા હતા.

ઘણો સમય એમ જ દટાયેલા પડયા રહયા. તે કોઈને દેખાય તેમ ન હતા. બીજા દિવસે સરકારી માણસો કાટમાળ નીચે દટાયેલાને કાઢતા હતા.

કુશે ગલૂડિયાને લાડા લડાવ્યા હતા. તેની સાથે પ્રેમથી રમ્યો હતો. આથી ગલૂડિયું કુશ જયાં દટાયેલ પડયો હતો. ત્યાં સુંઘતું – સુંઘતું આવ્યું અને પગેથી ત્યાં ખોદવા લાગ્યું. આથી સરકારી માણસોને લાગ્યું કે અહીં કોઈ દટાયેલ લાગે છે. ખોદતા કુશ નીકળ્યો. કુશને નવજીવન મળતા તે ખુબ ખુશ થયો. તેણે ગલૂડિયાનો ખુબ જ આભાર માન્યો.

અચાનક તેને ફળિયામાં બાંધેલી બકરી જોઈ. તે ઝડપથી બકરી પાસે પહોંચી ગયો. બકરીનો આંચળ મોઢામાં લઈ દુધ પીવા લાગ્યો. બકરી પણ તેને સહેલાઈથી દુધ પીવા દેતી હતી. કુશ તેનું દુધ પીતો હતો તે તેને પણ બહુ ગમતું હોય એવું લાગ્યું.

બીજી તરફ માધવ પણ પોતાને બચાવવા માટે ગલૂડિયાને મનોમન વિનંતી કરવા લાગ્યો પણ ગલૂડિયું તેની પાસેથી પસાર થઈ ગયું પણ ઉભુ રહયું નહીં. તે તો ચાલ્યું ગયું. સરકારી માણસોએ ઘણા સમય પછી તેને બહાર કાઢયો.

માધવને પણ ખુબ ભૂખ લાગી હતી. તે પણ બકરી પાસે ગયો. જેવો બકરીનો આંચળ મોઢામાં લેવા ગયો કે બકરી આથી ખસી ગઈ. ઘણા પ્રયત્નો કર્યા પણ બકરીએ તેને દુધ પીવા ન જ દીધું.

માધવ ખુબ નિરાશ થઈ ગયો. તેને સમજાયું કે મેં ગલૂડિયાને હેરાન કર્યુ હતું. આથી ગલૂડિયાએ મને બચાવ્યો નહી.


બકરીને પણ મે ખુબ હેરાન કરી હતી આથી તેણે પણ મને દુઓધ પીવા દીધું નહી.

તેને ખુબ પસ્તાવો થયો. તેણે નકકી કર્યુ કે હવ તે કોઈ દિવસ કોઈ પણ પ્રાણીને કે પક્ષીને હેરાન કરશે નહી. બધાને તે મિત્ર બનાવશે.

હવે તે પ્રશ્વાતાપ રૂપે પોક મુકીને રડવા લાગ્યો.

તેને રડતો જોઈને તેના મામા અને કુશ દોડતા તેના પલંગ પાસે આવ્યા અને તેને ઢંઢોળીને જગાડયો.

માધવ જાગતા જ તેના મામાએ પુછયું કે, 'તું કેમ રડતો હતો ?''માધવે તેને આવેલા સપનાની વાત કરી. ગલૂડિયા સાથે અને બકરી સાથે તેને જે વર્તન કર્યુ હતું તે પણ કહયું. માધવના મામા દિપકભાઈએ કહયું કે, 'કોઈ પશુ–પંખીને હેરાન કરાય નહીં.'' માધવે પણ કહયું કે, 'સપનામાં તો મે છેલ્લે દરેક પશુ–પક્ષીને મિત્ર બનાવવાનું નકકી કરી જ લીધું હતું પણ હવે વાસ્તવિક રીતે પણ દરેક સજીવને હું મિત્ર જ માનીશ તેમની સાથે પ્રેમપુર્વક જ વર્તીશ. માધવના મામા અને કુશ પણ માધવની આ વાત સાંભળી ખુબ જ રાજી થયા. માધવને હવે સબક મળી ગયો હતો.





**બાલમિત્રો...**

ગુજરાતી સાહિત્ય જગતમાં મૂઠી ઉંચેરુ નામ અને ગુજરાતી બાળ સાહિત્ય સર્જનમાં જેમનો ીસંહ ફાળો રહયો તેવા બાળકોના પિંય લેખક હરીશ નાયકનું ૯૭ વર્ષની જૈફ વયે અવસાન થયું છે. તેમના નિધનના સમાચારથી સાહિત્ય જગતમાં શોક છવાયો છે. તેમના નિધનની પુષ્ટિ તેમના પુત્રી નમ્રતાબેને કરી હતી. તેઓ બાળ સામયિક ઝમગના તંત્રી હતા. ૧૯૫૨ થી શરુઆત કરીને અત્યાર સુધીમાં હરીશભાઈએ ૨૦૦૦ થી પણ વધારે વાર્તાઓ લખી છે. તેમના જાણીતા પુસ્તકોની યાદી તો બહુ લાંબી છે પણ કેટલાક પુસ્તકોનો ઉલ્લેખ કીરએ તો કચ્ચુ – બચ્ચુ, બુદ્ધિ કોના બાપની, ટાઢનું ઝાડ, અવકાશી ઉલ્કાપાત, મહાસાગરની મહારાણી, લોકલાડીલી લોકકથાઓ, પાંદડે – પાંદડે વાર્તા, ઝમક – ચમક કથાઓ, નારદ વાણીનો સમાવેશ થાય છે.

ભારતની ગુજરાતી ભાષામાં બાળસાહિત્યનાં મૂળ પરંપરાગત લોક સાહિત્ય, પેરાણિક સાહિત્ય અને સંસ્કૃત કથા અને વાર્તાઓમાં રહેલા છે. ૧૮૩૦ના દાયકા પછી પરંપરાગત અને પાશ્ચાત્ય સ્ત્રોતોમાંથી મોટી સંખ્યામાં વાર્તાઓ અને કથાઓનું રૂપાંતરણ અને ગુજરાતીમાં અનુવાદ થયો હતો.

ગિજુભાઈ બધેકા અને નાનાભાઈ ભટ્ટના નેતૃત્વમાં બાળસાહિત્ય વાર્તા, કવિતાઓ, છંદો અને કોયડાઓના રૂપમાં ઝડપથી વિસ્તર્યું. કેટલાક લેખકો અને કવિઓએ ફકત બાળસાહિત્યનું સર્જન કર્યુ. વીસમી સદીના મપ્રયભાગમાં બાળકો માટે મોટી સંખ્યામાં સામયિકો પ્રકાશિત કરવામાં આવ્યા હતા.

બાદમાં સાહસિક નવલકથાઓ, વિજ્ઞાન સાહિત્ય, તરૂણ સાહિત્ય પણ પ્રકાશિત થયાં. રમણલાલ સોની અને જીવરામ જોષીએ પાંચ દાયકા સુધી વાર્તાઓ, કાલ્પનિક પાત્રો અને નવલકથાઓ રચવામાં મહત્વનો ફાળો આપ્યો હતો. બાળકો માટે નાટકો ઓછી માત્રામાં જયારે ઐતિહાસિક પાત્રો વિશેના નાટકો મોટી સંખ્યામાં રજૂ થયા હતા.

ગુજરાતી લોકસાહિત્યમાં બાળકો માટે ઘણી વાર્તાઓ લોકપ્રિય છે. ભારતીય સાહિત્યમાં પુરાણોમાંની વાર્તાઓ મહત્વ ધરાવે છે. રામાયણ, મહાભારત, પંચતંત્ર, હિતોપ્રદેશ અને અકબર–બિરબલ, ભોજ–કાલિદાસ, સિંહાસન બત્રીસી, વેતાલ પચ્ચીસીમાંની વાર્તાઓ પેઢીઓથી બાળકોને કહેવામાં આવી રહી છે.

બ્રિટિશ શાસન દરમિયાન ૧૮૨૬માં ગુજરાતી શિક્ષણ પશ્ચિમી પદ્ધતિ અનુરૂપ બનતા હાલના બાળ સાહિત્યની શઢઆત થઈ હતી. ૧૮૨૦ના દાયકામાં બોમ્બે સ્થિત શાળાઓ અને પુસ્તક સંસ્થાઓએ નવી શાળાઓ માટે પુસ્તકો પ્રકાશિત કર્યા. તેઓ સહ–શિક્ષણ માટે હતા અને શરૂઆતનું ગુજરાતી બાળ સાહિત્યભાષાંતર અને રૂપાંતરણ હતું.

૧૮૨૬માં બાપુલાલ શાસ્ત્રી પંડયાએ ઈશપ ફાબેલ્સને ઈશપ નિતિકથાઓ તરીકે ભાષાંતર કર્યુ હતું. પછીના વર્ષોમાં ઈશપની કથાઓના વધુ ભાષાંતરો પ્રકાશિત થયા હતા. ગુલિવર્સ ટ્રાવેલ્સનું ભાષાંતર ગુલિવરની મુસાફરી તરીકે થયું હતું. ૧૮૩૧માં બાલમિત્રના બે ભાગો પ્રકાશિત થયા હતા, જે વડે હાલના બાળસાહિત્યની શરૂઆત થઈ હતી.

તેમાં કવિતાઓ, વાર્તાઓ અને ટૂચકાઓ હતા.૧૮૫૮માં રણછોડલાલ દવેએ ઈશપનિતિ વાતો પ્રકાશિત કર્યુ હતું. ધ બોમ્બે એજયુકેશન સોસાયટીએ ૧૮૪૦માં ચાર પુસ્તકો પ્રકાશિત કર્યા હતા; શિશુસાબોધમાલા, બાલમિત્ર, બાલસાથી અને પાંચ પાંખો; જેમાં કવિતાઓ, વાર્તાઓ અને બાળકો માટે જીવનચરિત્રો હતા. અમિચંદ્રે સિંહાસન બત્રીસી આધારિત બત્રીસ પુતળીની વાર્તા પ્રકાશિત કરી હતી.

આજના સમયના શ્રેષ્ઠ બાળવાર્તાકાર, સંપાદક, એવા હરીશ નાયકનું ૯૭ વર્ષે તા. ૨૩/૧૦/૨૩ ના રોજ અવસાન થયેલ છે. ગણી ગણાય નહિં એટલી બાળવાર્તાઓનું સર્જન હરીશ નાયકે કરેલ છે. હરીશ નાયકનું વિપુલ બાળ સાહિત્ય સદીઓ સુધી વંચાતુ રહેશે. બાલમિત્રો, તેઓની આર્થિક સ્થિતિ નબળી એટલે ઘેર ઘેર જઈ બાળાવાર્તાનાં પુસ્તકો વેચવા તથા વાર્તાઓ કહેવા જતા હતા.

**નાના–મોટાના સૌના લાડીલા બાળસાહિત્ય સાર્જક હરીશ નાયક ને બાલ એકસપ્રેસ નાં સંપાદક રવજીભાઈ કાચા, બાળકો, સાહિત્યપ્રેમીઓ તરફથી શ્રદ્ધાંજલિ...**

# સંકલ્પ કેળવણી માટે યોજનાઓ

# વિચાર શકિત

(THOUGHT POWER)

લેખક : બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદ સરસ્વતી

**(૩) યૌગિક પદ્ધતિથી સંકલ્પ શુદ્ધિ દ્વારા આત્મવિકાસ**

યૌગિક સાધનામાં સાધકને સૂક્ષ્મ અંતસ્તરમાં જે પારભૌતિક સ્થિતિનો અનુભવ થાય છે. તેને ઘણા લોકો શંકાની દ્રષ્ટિથી જુએ છે. અને માત્ર પૌરસ્ત્ય જાદુ તરીકે માને છે. યોગ એ કંઈ તરંગી કે અપ્રાકૃતિક શાસ્ત્ર નથી. મનુષ્યની અંતર્ગત સર્વ શકિતઓનો સપ્રમાણ વિકાસ કરવો એ જ તેનું ધ્યેય છે. જેને અમલમાં મુકવાથી દિનપ્રતિદિન પ્રગતિ કરી દુનિયાના બધા લોકો પોતાનું જીવન વધારે સારૂ ને સુખી બનાવી શકે એ એવી આ સિદ્ધ ને નૈસર્ગિક પદ્ધતિ છે.

યોગની બધી પ્રક્રિયાઓનાં પાયામાં નૈતિક કેળવણી અને આધ્યાત્મિક પુર્ણતા રહેલી છે. યોગરૂપી નિસરણીમાં દુર્ગુણોનો સંપુર્ણ નાશ અને મૂળભૂત સદગુણોનો વિકાસ એ પહેલું પગથિયું છે. દ્રઢ, સુંદર ટેવો અને તેના નિયમિત આચરણ દ્વારા પ્રકૃતિને શિસ્તબદ્ધ બનાવી ચારિત્ર્યના સુદ્રઢને સ્થિર પાયા પર યોગરૂપી ઈમારતનું ચણતર કરવું પડે છે.

**(૪ ) પ્રતિપક્ષ ભાવનાં દ્વારા સંકલ્પ શુદ્ધિ :**

ખરાબ સંકલ્પોને નિર્મૂળ કરવાને માટે શુભ સંકલ્પોની પ્રતિપક્ષ ભાવનાએ શ્રેષ્ઠ, સહેલો ને અસરકારકા ઉપાય છે. તમારા મનરૂપી બગીચામાં દયા, પ્રેમ, પવિત્રતા, ક્ષમા, પ્રમાણિકતા, ઉદારતા અને નમ્રતારૂપી ઉદાત સદગુણોને રોપીને ઉછેરો. આથી તિરસ્કાર, કામ, ક્રોધ, લોભ, અભિમાનરૂપી નિષેધાત્મક દુર્ગુણો પોતાના મેળે નાશ પામેશે.

નિષેધાત્મક વિચારો પર સીધો હુમલો કરી તેને નાશ કરવા એ ઘણું મુશ્કેલ કાર્ય છે. આથી તમારી ઈચ્છાશકિત ઉપર વધારે પડતો બોજો આવી પડશે. અને તમારી શકિતનો દુર્વ્યય થશે.

**(૫) સંકલ્પ શુદ્ધિને વિકાસ માટેની આધ્યાત્મિક પદ્ધતિઓ :**

જો તમે ખરાબ અશુદ્ધ સંકલ્પોનું વારંવાર આવર્તન કરશો તો તેનું બળ વધતું જશે. અને સાથે સાથે તેનો વેગ પણ વધશે. માટયે જ તેને તુરત મનમાંથી હાંકી કાઢવો જોઈએ. જો તેમ કરવામાં મુશ્કેલી જણાઈ તો તેથી વિરોધી ઈશ્વર સંબંધી વિચારોને મનમાં સ્થાન આપો. ભવ્ય, ઉન્નત સંકલ્પો કેળવો આથી અશુભ વિચારો પોતાની મેળે જ નાશ પામશે. પાપમય સંકલ્પો હાંકી કાઢવાનો માટે ભવ્ય વિચાર એ સમર્થ પ્રતિયોગી છે. પહેલી રીત કરતા આ વધારે સારી રીત છે. દિવસમાં હજારો વાર ઈશ્વર નામસ્મરણ કરવાથી સારા વિચારોને નવું બળ ને પ્રેરણા મળે છે. આવી જ રીતે 'અહં બ્રહ્માસ્મિ' સુત્રનું અનેક વાર આ વર્તન કરવાથી 'હું આત્મા છું' આ ભાવનાં ખુબ દઢ બને છે. આથી ''હું દેહ છું'' તેવો વિચાર તદ્દ્ન નિર્બળ બની જાય છે.

જયારે તમારા મનમાં હલકા સંકલ્પો દાખલ થાય ત્યારે તેમને હાંકી કાઢવાનો માટે તમારી ઈચ્છાશકિતઓનો બળજબરીથી ઉપયોગ કરો નહિ આથી તેનાં ઉપરનો બોજો વધી જશે. ને તેમને શ્રમ પડશે. જેમ જેમ વધારે પ્રયાસ કરશો તેમ તેમ દુષ્ટ સંકલ્પો બમણા જોરથી હલ્લો કરશે. વળી, તેમનો વેગને શકિત પણ વધી જશે. માટે જ તેમનાં પ્રત્યે દુર્લક્ષ કરો ને શાંત રહો. આથી તરત જ તેઓ અદ્રશ્ય થઈ જશે. અથવા પ્રતિપક્ષ ભાવનાં દ્વારા શુભ વિરોધી વિચારોને દાખલ કરો અથવા ખુબ દ્રઢતાપુર્વક ઈશ્વરને મંત્રનાં ચિત્રનું વારંવાર મનન કરો અથવા પ્રાર્થના કરો.

**(૬) સંકલ્પશુદ્ધિની અગત્ય :**

સંકલપશુદ્ધિ એ ઘણો અગત્યનો વિષય છે. છતાં ઘણા જ થોડા લોકો આ કળા કે વિજ્ઞાન સંબંધી જાણે છે. આજનાં કેળવાયેલા ગણાતા લોકો પણ આ તાત્વિક કેળવણીથી અજાણ છે.

બધા મનુષ્યો આજે સંક્રીર્ણ વિચારનાં ભોગ બનેલા જોવામાં આવે છે. તેમનાં મનરૂપી કારખાનામાં વિવિધ પ્રકારના મેળ વગરનાં ઉદેશહીન વિચારો આવજા કર્યા કરે છે. એમાં કોઈ જાતનો સંવાદ જોવામાં આવતો નથી. તેમાં કંઈ સુમેળ કે નિયમ પણ હોતો નથી. બધું જ તદન અનિયમિતને અસ્તવ્યસ્ત દશામાં પડયું હોય છે. તેમનાં વિચારોમાં કોઈપણ પ્રકારની સ્પષ્ટતા કે સુરેખતા હોતી નથી.

તમે કોઈપણ એક વિષય પર વ્યવસ્થિત ને નિયમિત રીતે બે મિનિટ પણ વિચાર કરી શકતા નથી. આ બતાવે છે કે તેમને માનસિક સ્તરમાં કામ કરતા સંકલપના નિયમોનું જ્ઞાન નથી.

દરેકનાં મનની અંદર સંપુર્ણ અંધાધધી ચાલી રહેલી જોવામાં આવે છે. કેમ કે વિષયી સંકલ્પો ધક્કામુક્કી કરે છે. અને આગળ આવે છે. ચક્ષુ ઈન્દ્રિય, જેને સુંદર દ્રશ્યો ને પદાર્થો જોવાની આકાંક્ષા છે તે પોતાનાં જ વિષયનાં સંકલ્પો આગળ ધકેલવાનો પ્રયાસ કરે છે.

કર્ણેન્દ્રિય હલકાં કામ, વેરઝેર, તિરસ્કાર, ઈર્ષાને ભયના જ વિચારોને પ્રાધાન્ય આપે છે. આમ, બધી ઈન્દ્રિયો એક ક્ષણને માટે પણ એકેય ભવ્ય, દિવ્ય વિચારને પ્રવેશવા માટે સમય જ આપતી નથી. આમ, મનુષ્યોનાં મનને તેની શકિત વિષયોને રસ્તેજ વહન કરે છે.

# પૂ. ડોંગરેજ મહારાજની અમૃતવાણી



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

(૨૦૧) જેનું ચિંતન સતત તેનું મરણકાળે સ્મરણ.

(૨૦૨) મનુષ્યનો ધણો ખરો સમય નિદ્રામાં અને અથોપાજન પાછળ જાય છે. ધણો સમય વાતો કરવામાં જાય છે. કેટલાકનો વાંચવામાં જાય છે. બહુ વાંચવાથી શબ્દજ્ઞાન વધે છે. પણ કદાચ તેની સાથે અભિમાન પણ વધે છે.

(૨૦૩) ભૂતકાળનો વિચાર કરવાથી કોઈ લાભ નથી. તું તારા વતમાનને સુધાર.

(૨૦૪) કાળ આવતા પહેલા કાગળ લખે છે. પણ કાળનો કાગળ કોઈને વાંચતા આવડતો નથી.ઉપરનું છાપરૂ ધોળુ થવા લાગે, ત્યારે માનજો કે કાળની નોટીસ આવી છે. દાંત પડવા લાગે એટલે સમજ જો કે કાળની નોટીસ આવી છે.

(૨૦૫) અરુંધતીનો તારો ન દેખાય તો સમજ જો કે એક વષમાં મરીશ. સ્વપ્ન માં શરીર કાદવમાં ખૂંચતું દેખાય તો માનવુ કે માસમાં મારુ મુત્યું છે. સ્વપ્નમાં કુંભારના હાથી (ગધેડા ઉપર) બેસેલો દેખાય તો માનવું કે છે માસમાં મારું મુત્યુ છે. કાનમાં આંગળી નાખ્યાં પછી અંતરધ્વની ની સંભળાય, તો માનજો આઠ દિવસમાં મરીશ.

(૨૦૬) મનને વારંવાર સમજાવવું કે ઈશ્વર સિવાય મારું કોઈ નથી. ભાવના કરો. મારું કોઈ નથી. હું કોઈનો નથી.

(૨૦૭) તુપ્તિ ભોગમાં નહિ. ત્યાગમાં છે.

(૨૦૮) સમતા સિદ્ધ કરવા સૌ સાથે મમતા રાખો. વ્યકિતગત મમતા દૂર કરો


(૨૦૯) ઈન્દિયોને ભોગથી શાંતિ મળતી નથી.પ્રભુ સ્મરણથી પ્રભુસેવાથી શાંતિ મળે છે.

(૨૧૦) માનવશરીર ભોગ ભોગવવા માટે મળ્યું નથી. માનવશરીર તો ભજન કરી ભગવાનને પ્રાપ્ત કરવા માટે મળ્યું છે.

# અંતિમ યાત્રા

## સ્વરાજય મારો જન્મસિદ્ધ અધિકાર છે

- બાલગંગાધર તિલક





**તિલક અને ગોખલે**

કોંગ્રેસના ઈતિહાસમાં ડો. સીતારામૈય્યાએ તિલક અને ગોખલે વિશે લખ્યું હતુ. ''તિલક અને ગોખલે, બંને બ્રાહ્મણ હતા. બંને દેશભકત હતા. બંનેએ ખુબ મોટા ત્યાગ કર્યા હતા. પરંતુ સ્વભાવે બંને એકબીજાથી ભિન્ન હતા.ગોખલે નરમ દળના હતા અને તિલક ગરમ દળના હતા. ગોખલે વર્તમાન વિભાગને સુધારવા માગતા હતા., તિલક એને બદલવા ઈચ્છતા હતા. ગોખલેને સામંતશાહી સો કામ કરવું પડયું, તિલકને એની સાથે લડવું પડયું. ગોખલેને સહયોગમાં વિશ્વાસ હતો. તિલકને પોતાના દેશ અને એના ઉત્થાનમાં વિશ્વાસ હતો. ગોખલેનો આદર્શ પ્રેમ અને ત્યાગ હતા, તિલકના આદર્શ સેવા અને સહનશીલતા હતા. ગોખલેની નીતિ વિદેશી સત્તાને સહાય જીતવાની હતી, તિલક એને બદલવા માગતા હતા. ગોખલે બીજાઓની સહાય પર નિર્ભર સત્તાને સહાય જીતવાની હતી, તિલક એને બદલવા માગતા હતા. ગોખલે બીજાઓની સહાય પર નિર્ભર હતા, જયારે તિલક પગભર થવાનું જાણતા હતા.ગોખલે ઉચ્ચ વર્ગ અને શિક્ષિત સમા પાસેથી પ્રેરણા લેતા હતા, તિલક જનતા અને જન સમુદાય પાસેથી ગોખલેની કાર્ય કરવાની જગ્યા વિધાનસભા હતી, તિલકની ગામનો મંડપ ગોખલેની ભાષા અંગ્રેજી હતી, તિલકની મરાઠી, ગોખલેનો ધ્યેય સ્વાયત્ત શાસન હતો જેના દ્વારા ભારતીવાસીઓએ બ્રિટને રાખેલી પરીક્ષાઓ પાસ કરવાની હતી. તિલકનું ધ્યેય હતુ સ્વરાજય જે પ્રત્યેક ''ભારતવાસીઓનો જન્મસિધ્ધ અધિકાર છે.'', અને જેને તેઓ વિદેશીઓ પાસેથી છીનવીને જ રહેશે. ગોખલે પોતાના સમય સાથે ચાલતા હતા, તિલક પોતાના સમયથી ઘણા આગળ નીકળી ગયા હતા.''

મારા પિતાજીએ મને તિલક જંયતિ પર એક તસ્વીરે દેખાડી હતી. શામળો, તપેલો રંગ,ઉચુંનાક, ચમકતી આંખો, ઘેરા લાલ રંગની પાધડી, આ તસ્વીરની એકએક રેખા સ્પષ્ટ રીતે જોંઉ છું અને એમનું સમગ્ર જીવન મારી આંખો સામે ધૂમે છે.

ગાધીજીએ યોગ્ય જ કહયું હતું. તિલક એક ખુલ્લું પુસ્તક છે અને આજે પણ આપણે એ વાંચી રહયાં છીએ.

અંધકારમાં રોશની આવે છે. એ ઈતિહાસમાં ચમકીને મોતી બની જાય છે. ગાંધીજી પહેલાં એક અંધકારમાં એ રાતે ઈતિહાસ થોભી ગયો હતો.પોતાની બેચેનીમાં સૌ હતપ્રભ બની ગયા હતા. પણ અંધકારમાં બુલંદ, ઉંચા અવાજે જનતા સાથે બોલવું અને ઉજાસમાં ચાલવું એક સાથે સંભવ છે, એ તિલક જાણતા હતા.ભારતના રાજકારણમાં તિલકનું સ્થાન ઘણું ઉચું છે. પરંતુ રાજકારણનો એમને જરાયે મોહ ન હતો. તેઓ તો સ્વાતંય સેનાની, અને એટલા માટે જ રાજકારણમાં આવ્યા હતા. એક વાર એક પત્રકારે તેમને પૂછયું હતું, આપ સ્વતંત્રા પ્રાપ્તિ પછી શું કરવા ઈચ્છો છો. તિલકની આંખમાં એક તેજ ચમકારો આવી ગયો હતો. એમણે સાદગીથી જવાબ આપ્યો હતો, હું મારૂં શેષ જીવન કોઈ વિધાલયમાં,ગણિત ભણવા અને ભણાવવામાં વીતાવવા માગું છુ. તિલકની આ સાદગીને ગાંધીજીએ એમની દેશસેવાની અમૂલ્ય પૂંજી ગણાવી હતી. આ પૂંજી જ તિલકમાં અખૂટ હતી. જયારે તેઓ ત્યાગપત્ર આપી કોઈ વિઘાલય કે સંસ્થા અને સંગઠનથી અલગ થયા, ત્યારે એમના ત્યાગ અને સેવાની પૂંજી ઓર વધતી ગઈ. તેઓ પોતાની પૂંજી ઓર વધતી ગઈ. તેઓ પોતાની પૂંજી રાષ્ટ્રીય કાયોમાં ખચવા ટેવાઈ ગયા હતા. આજ એમનો સંકલ્પ હતો. ત્યાગની યાત્રામાં કયારેય વિખૂટા ના પડવા જ તેઓ આવ્યા હતા.

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# જ્ઞાનમંજરી

(૧૨૧) ગુજરાતનો પૌરાણિક ઈતિહાસ કયારથી શરૂ થાય છે.?– શયાતિના સમયથી

(૧૨૨) ગિરનાર પરવત બીજા કયા નામે ઓળખાય છે? – રૈવતક

(૧૨૩) સિદ્ધરાજ જયસિંહના ગુરૂ કોણ હતા? – હેમચંદ્રાચાય

(૧૨૪) ન્યાય જોવો હોય તો મલાવ તળાવ જાઓ. આ મલાવ તળાવ કયાં આવેલુ છે.?–ધોળકામાં

(૧૨૫) ગુજરાતનું પ્રથમ સામાયિક કયું છે.?– બુદ્ધિ પ્રકાશ

(૧૨૬) દેવની મોરી નામના સ્થળેથી બૌધ્ધ વિહારના અવશેષો મળી આવ્યા છે તે ગુજરાતના કયા ધામિક સ્થળ નજીક છે.?– શામળાજી

(૧૨૭) ગુજરાતની રાજમાતા મીનળદેવી કયાંના વતની હતા?– કણાટકના

(૧૨૮) અમદાવાદ શહેરની સ્થાપના કયા વષે થઈ?– ઈ.સ. ૧૪૧૧

(૧૨૯) વસ્તુપાળ–તેજપાળ કોના મંત્રી હતા?– વિશળદેવ વાઘેલાના

(૧૩૦) હેમચંદ્રાચાય ને લોકોએ કયા નામથી બિરદાવ્યા હતા?– કલિકાલ સવજ્ઞ.

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા


## આપણા મલકનાં માયાળુ માનવી ।

ભારત માતાએ કાંખમાં બાળક તેડયું હોય, તેવા સૌરાષ્ટ્રના ગામડાનાં ગારમાટીનાં ખોરડામાં જન્મ્યો હોય અને મોટપણે લંડન, ન્યયોર્ક, પેરીસ, ટોકિયો, ટોરેન્ટો કે દુબઈમાં વૈભવી જીવન જીવતો હોય, તેવા માણસને કોઈ દિવ્ય ક્ષણે પોતાનું નાનપણ, એ ગામડું, એ ખોરડું, નિશાળ, ભેરૂબંધ, પાદર, આમલી, કાતરા–આંબલિયા, તળાવ, ભુસકા સાંભરી આવે, ત્યારે એ.સી. કમરામાં મુંગા આંસુ વહેતા હશેને ? દ્વારકાધીશ બન્યા પછી સોનાની દ્વારકામાં કૃષ્ણને ગોકુળ–વૃંદાવન, નંદબાબા, યશોદા, ગોપ–ગોપી, ગાયો, માખણ કે જમનાનાં જળ સાંભર્યા હશે, ત્યારે વિરાટ મહેલનાં એકાંતને ભીંજાવું પડયું હશેને ?


# આ મારું ચિત્ર છે



ચાવડા ચિરાજ સુરેશભાઈ
(ધો.૭-શ્રી મોટા માંડવડા, પ્રા.શાળા તા.જિ. અમરેલી.)



પ્રિના ગૌરીબેન લાઠીયા
(ધોરણ–૫–કેરીયાનાગસ, પ્રા.શાળા)





પ્રિના ગૌરીબેન લાઠીયા
(ધોરણ–૫–કેરીયાનાગસ, પ્રા.શાળા)



પ્રિના ગૌરીબેન લાઠીયા
(ધોરણ–૫–કેરીયાનાગસ, પ્રા.શાળા)

# અમરેલી શહેરમાં જુદી ત્રણ જગ્યા પર માનસિક રોગ શિબિર યોજાઇ







માનસિક આરોગ્ય માટેનો રાષ્ટ્રીય કાર્યક્રમ, અમરેલી જિલ્લા એન.સી.ડી.સેલ અને માનસિક આરોગ્ય વિભાગ, જનરલ હોસ્પિટલ તથા અભિયાન સેવા ટ્રસ્ટ દ્વારા અમરેલીની જુદી જુદી જગ્યા પર હિરાના કારખાને, શીતલ આઈસ્ક્રીમ ફેકટરીના વર્કરો, હરિ સ્કુલ કોલેજના વિર્દ્યાથીને માનસિક રોગ શિબિરનું આયોજન કરવામાંઆવે છે. જેમા કેન્દ્ર અને ગુજરાત સરકાર દ્રારા માનસિક તણાવ બાબતે ગંભીરતાથી ચાલવા માંગતી હોઈ અને આ બીમારીમાં સંપડાયેલા લોકો હોસ્પિટલમા તમામ પ્રકારની સારવાર મળે અને લોકો આ બાબતે જાગૃત બને તેવાં અભિગમ સાથે અને હાલ માનસિક તણાવ અને વિદ્યાર્થીને માનસિક રોગો વિષે વિસ્તૃત માહિતી આપી. તાલીમાર્થી ને નરેન્દ્ર મકવાણા અને તુષારભાઈ વાણિયા તથા અભિયાન સેવા ટ્રસ્ટ માંથી એ.આઈ.લાખાણી માનસિક રોગો વિષે માર્ગદર્શન આપેલ અને બધા વિદ્યાર્થીને શપથ પણ લેવડાવેલ કે ‘જીવનમાં કયારેય પણ નાશીપાત થઈશ નહી. હતાશ થઈ નઈ અને જીંદગી ટુંકાવવાના આપધાતના વિચારો કરીશ નહી, જેમા શીતલ આઈસ્ક્રીમના માલિક દિનેશભાઈ ભુવા, સ્કુલના પ્રિન્સિપાલ તથા સ્ટાફ અને અમરેલી સિવિલ હોસ્પિટલના સિવિલ સર્જન હરેશવાળા એન.સી.ડી.સેલના અધિકારી ડૉ. સતાણી, તેમજ કર્મચારીયોએ હાજરી આપી અને અભિયાન સેવા ટ્રસ્ટના પ્રમુખ આર.એચ.ચૌહાણ વગેરે બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયાં હતા. તેમજ અભિયાન સેવા ટ્રસ્ટ દ્વારા લોકો આ બાબતે જાગૃત બને તેવું એક અભિયાન અમરેલી જિલ્લાના દરેક ગ્રામ્ય કક્ષાએ અને શહેર લેવલે ચલાવવામાં આવે છે.

# અમરેલી જિલ્લા પંચાયત ટીમ દ્વારા રાસોત્સવ કાર્યક્રમ યોજાયો








નવલા નોરતાની સમગ્ર રાજય અને દેશ ભરમાં નવ દિવસ માતાજીની આરાધના સાથે નવરાત્રી મહોત્સવના આયોજન કરવામાં આવ્યા હતા અંતિમ દિવસોમાં અમરેલી જિલ્લામા પણ આયોજન કરવામાં આવ્યા હતા જયારે અમરેલી જિલ્લા પંચાયત ટીમ દ્વારા ૨૦૨૩ રાસોત્સવનું એક દીવસ આયોજન કરવામાં આવ્યું હતું આ તકે ગૂજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક અને અમરેલીનાં ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા, અમર ડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલીયાની વિશેષ ઉપસ્થિતી રહી હતી અને અમરેલી જિલ્લા પંચાયતમાં મોટી સંખ્યામાં કર્મચારીઓ લોકપ્રતિનિધિઓ અને ખેલેયાઓ ઉપસ્થિત રહ્યા હતા પ્રથમ માતાજીની આરાધના બાદ હાજર રહેલા મુખ્ય મેહમાનોનુ સન્માન કરવામાં આવ્યું હતું ત્યાર બાદ ખેલેયાઓ અને અધિકારીઓ લોકપ્રતિનિધિઓ જિલ્લા પંચાયત ટીમ રાસોત્સવમાં ગરબે ઘુમતી જોવા મળી હતી સમગ્ર શહેરના લોકો મોટી સંખ્યામાં જિલ્લા પંચાયત પટાંગણમાં ઉપસ્થિત રહ્યા હતા આ તકે જિલ્લા વિકાસ અધિકારી અને સહિત રાજનેતાઓ ગરબે ઘૂમ્યા હતા. આ તકે અમરેલી જિલ્લા પંચાયત પ્રમુખ ભરત સુતરીયા, જિલ્લા વિકાસ અધિકારી દીનેશ ગુરવ સહિતના અધિકારીઓ રાજકીય અગ્રણીઓ અને કર્મચારીઓ સહિત લોકોએ માતાજીની આરાધના બાદ એક સાથે ગરબે ઘુમતા જોવા મળ્યા હતા.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલી જિલ્લાનાં બે મામલતદારની

હસમુખ વિરાણીને ભરૂચ, નીતિન લંઘણોજાને વિસાવદર, જયેશ મહેતાને મહુવા, હિતેન્દ્ર ઉપાધ્યાયને ચીટનીશ– અમરેલી, પ્રશાંત ભીંડીને ઉમરાળા, ધીરજ ભીમાણીને ઉના અને મહેશ પટોળીયાને ભેંસાણ ફરજ સોંપવામાં આવી છે.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીમાં ''સ્વચ્છતા હી સેવા''નાં

બેદરકારી, હિંચકા, બાંકડાની જાળવણીમાં ઉદાસીનતાનાં કારણે પાંચ વર્ષમાં બ્યુટિફિકેશનમાં બ્યુટિ દિવો લઈને શોધવો પડે તેવી હાલત ઉભી થઈ છે.

પાલિકાનાં શાસકો એવું કહીને છટકબારી શોધે છે કે બ્યુટિફિકેશનની સામેનાં રહેવાસીઓ તેમના ઘરના કચરાનો યોગ્ય નિકાલ કરતા નથી અને બ્યુટિફિકેશનમાં નાખી જતાં હોય જેનાથી ગંદકી ફેલાઈ છે.

પરંતુ જો સીસીટીવી કેમેરા લગાવવામાં આવે તો ચોકકસ ગંદકીને ફેલાતી અટકાવી શકાય તેમ છે તેમજ બ્યુટિફિકેશનની જવાબદારી કોઈ સંસ્થાને સોંપવામાં આવે તો પણ શહેરીજનોને સુવિધાનો લાભ મળી શકે તેમ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૭૦ | ૧૫૫૦ |
| ૨ | મગફળી | ૧૨૧૦ | ૧૩૦૦ |
| ૩ | તલ સફેદ | ૨૭૬૫ | ૩૨૨૫ |
| ૪ | ઘઉં | ૪૨૭ | ૫૫૩ |
| ૫ | ચણા | ૯૫૫ | ૧૧૩૫ |
| ૬ | સોયાબીન | ૮૧૫ | ૯૧૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૪૦ | ૧૩૫૦ |
| ૨ | શિંગ મોટી | ૧૦૫૦ | ૧૪૦૫ |
| ૩ | તલ સફેદ | ૧૭૩૦ | ૩૫૩૫ |
| ૪ | તલ કાળા | ૨૯૨૫ | ૩૫૩૫ |
| ૫ | તલ કાશ્મીરી | ૩૯૯૫ | ૪૦૮૫ |
| ૬ | બાજરો | ૩૭૦ | ૪૩૦ |
| ૭ | જુવાર | ૬૦૪ | ૧૨૫૩ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૬૩૫ |
| ૯ | ઘઉં લોકવન | ૫૦૫ | ૬૦૪ |
| ૧૦ | અડદ | ૧૨૭૫ | ૧૮૬૬ |
| ૧૧ | ચણા | ૭૩૦ | ૧૨૮૧ |
| ૧૨ | તુવેર | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૧૩ | કપાસ | ૯૮૦ | ૧૫૩૫ |
| ૧૪ | એરંડા | ૧૦૪૦ | ૧૧૨૨ |
| ૧૫ | જીરૂ | ૮૮૦૦ | ૮૮૦૦ |
| ૧૬ | ધાણા | ૧૧૩૦ | ૧૨૮૦ |
| ૧૭ | મેથી | ૧૦૦૦ | ૧૧૬૦ |
| ૧૮ | સોયાબીન | ૬૬૦ | ૯૬૬ |
| ૧૯ | રજકાનું બી | ૧૭૦૦ | ૩૬૭૫ |

## સાસંદ કાછડીયાના પ્રયાસોથી અમરેલીના દર્દીને સારવાર માટે 3 લાખ રૂપિયાની સહાય મંજૂર

### પ્રધાનમંત્રી રાહત ફંડમાંથી મદદ મળી

અમરેલી, તા. ૨૭

અમરેલી શહેરના ગોપાલનગર–૨, બ્રાહમણ સોસાયટીના રહીશ હિંમાશુભાઈ પરીમલભાઈ મંદોરાની ઈન્સ્ટીટયુટ ઓફ કિડની ડીઝીઝ એન્ડ રીસચ સેન્ટર (સિવિલ હોસ્પિટલ) અમદાવાદ ખાતે લીવર ટ્રાન્સપ્લાન્ટની સારવાર ચાલી રહી હતી. પરતું હિંમાશુભાઈ મંદોરાની આથિક પરિસ્થિતિ નબળી હોવાથી સારવારનો ખચ પરવડી શકે તેમ ન હતા. જેથી તેમના પરીવાર તરફથી અમરેલીના સાંસદને રજૂઆત કરતા સાંસદએ તાત્કાલીક પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને પ્રધાનમંત્રી રાહત ફડ માથી સહાય મંજુર કરવા માટે ભલામણ કરતા પ્રધાનમત્રી તરફથી તા. ૫/૧૦/૨૦૨૩ ના રોજ પી.એમ. રીલીફ ફંડમાથી દદીના સારવાર ખચને પહોચી વળવા રૂા.૩,૦૦,૦૦૦ (અંકે રૂા. ત્રણ લાખ પુરા) ની સહાય મંજુર કરવામાં આવી છે.

પાના ૮ ઉપરનું ચાલું
## દારૂ ભરેલ સ્વીફટ કાર ઝડપાઈ

કારમાં ગેરકાયદેસર ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો ભરી બાબરકોટ ગામ તરફથી વારાહસ્વરૂપ ગામ તરફ જતાં હોય. જે બાતમી આધારે વોચમાં હોય તે દરમિયાન હકિકતવાળી સ્વીફટ કાર આવતા જેને રોકવા પ્રયાસ કરતા, મજકુર આરોપી પોતાની કાર ઉભી નહી રાખી કાર લઈ ભાગતા, કારનો પીછો કરી, કાર રોકવા પ્રયાસ કરતા મજકુર આરોપી સ્વીફટ કાર રોડ ઉપર મુકી નાશી ગયેલ. જે કારમાં જોતા ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ નંગ ૧૫૦ તથા એક કાર નંબર જી.જે.૦૧ કે.એકસ. ૯૦૬૮ કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૩,૬૭,૭૮૫નો મુદ્દામાલ મળી આવેલ હતો. જે પકડાયેલ ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો તથા વાહન સહિતનો મુદ્દામાલ જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૦ | ૧૪૯૯ |
| ૨ | ચણા | ૧૦૦૦ | ૧૨૦૧ |
| ૩ | ચોળી | ૧૦૬૦ | ૧૦૬૦ |
| ૪ | સોયાબીન | ૮૦૯ | ૯૧૧ |
| ૫ | મેથી | ૯૦૦ | ૧૦૦૦ |
| ૬ | મગફળી | ૧૧૬૫ | ૧૪૦૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૯૭ | ૬૦૧ |
| ૮ | ઘઉં લોકવન | ૫૧૭ | ૫૬૦ |
| ૯ | તલ સફેદ | ૩૧૦૦ | ૩૨૦૦ |
| ૧૦ | લસણ | ૭૦૧ | ૧૭૦૦ |
| ૧૧ | અડદ | ૯૧૦ | ૧૮૫૬ |
| ૧૨ | ધાણા | ૧૦૨૫ | ૧૪૮૦ |
| ૧૩ | ચણા સફેદ | ૧૦૪૨ | ૧૦૪૨ |

પાના ૮ ઉપરનું ચાલું
## સાવરકુંડલા માર્કેટયાર્ડની ચૂંટણીમાં

ચૂંટણીમાં આજે માર્કેટયાર્ડમાં શાંતિપૂર્ણ રીતે મતદાન થયું છે. ખેડૂત પેનલમાં ૬૫૮ મતદારો છે જયારે વેપારી પેનલમાં ૨૧૬ મતદારો મતદાન કરશે. જયારે ખરીદ વહેંચાણ વિભાગની ૨ બેઠક બિનહરીફ થઈ છે. આજે ૨૫ ઉમેદવારોનું ભાવિ સાંજના ૫ વાગ્યા સુધીમાં મતપેટીમા સિલ કરાયું છે.

ખેડૂત વિભાગમાં ૯૩.૧૧% મતદાન થયું અને વેપારી વિભાગમાં ૯૦.૨૮% મતદાન થયું સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ચૂંટણી અધિકારી બિમલ પટેલ અને તેમના કર્મચારી સ્ટાફ દ્વારા નીતિ નિયમ મુજબ કરવામાં આવી હતી. આવતી કાલે સવારે સાવરકુંડલા માર્કેટયાર્ડ ખાતે મતગણતરી થશે. મહત્વની વાત એ છે કે વર્તમાન એપીએમસી ચેરમેન દિપક માલાણીએ ભાજપના મેન્ડેડ સાથે ૧૦ ખેડૂત ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે ત્યારે સામે પક્ષે ભાજપના જ પૂર્વ ધારાસભ્યએ ભાજપના અને કોંગ્રેસના એમ મળી અને ૧૦ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. ત્યારે ભાજપ સામે ભાજપની ટક્કર માર્કેટિંગ યાર્ડના ઈતિહાસમાં પહેલી વખત જોવા મળે છે. હવે જોઈએ એપીએમસી સાવરકુંડલાની ૧૧ સહકારી મંડળીના આ મતદારો કોની કોની પસંદગી કરશે.

## અવસાન નોંધ

**અમરેલી :** અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેન જયંતિભાઈ પાનસુરીયાનાં મોટાભાઈ મનસુખભાઈ મોહનભાઈ પાનસુરીયા (ઉ.વ. ૭૨)નું દુઃખદ અવસાન થતાં તેમની સ્મશાનયાત્રામાં અસંખ્ય લોકો જોડાયા અને પાનસુરીયા પરિવાર ઉપર આવેલ દુઃખમાં સૌ આગેવાનોએ સાત્વના પાઠવી અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા સહિતના સહકારી આગેવાનો સ્મશાન યાત્રામાં જોડાયેલ તેમજ સંગઠનના પદાધિકારી સહકારી સૌ આગેવાનો સર્વજ્ઞાતિનાં લોકો આ સ્મશાન યાત્રામાં જોડાયેલ હતા.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૭૫ | ૧૫૦૧ |
| ૨ | મગફળી | ૧૧૫૨ | ૧૧૫૨ |
| ૩ | સોયાબીન | ૯૩૬ | ૯૩૬ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૬૧ | ૧૩૦૦ |
| ૨ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૩ | તલ કાળા | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૪ | કપાસ | ૧૩૫૧ | ૧૫૦૦ |
| ૫ | બાજરો | ૩૮૧ | ૪૭૬ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૬૨ | ૫૨૧ |
| ૭ | જુવાર | ૮૧૦ | ૧૧૦૦ |
| ૮ | મકાઈ | ૪૮૦ | ૫૦૧ |
| ૯ | મગ | ૧૪૧૪ | ૧૪૧૪ |
| ૧૦ | અડદ | ૧૭૦૦ | ૧૮૮૦ |
| ૧૧ | ચણા | ૧૧૪૦ | ૧૧૫૦ |
| ૧૨ | સોયાબીન | ૮૧૧ | ૯૨૮ |

પાના ૮ ઉપરનું ચાલું
## બેન્ક ખાતામાં થયેલ કરોડનાં

છે. બાબરા વિસ્તારની અમુક ટોળકી દ્વારા જુદા જુદા સેન્ટરો બાબરા, અમરેલી, જસદણ, રાજકોટ, ગારીયાધાર, બગસરા સહિતમાં અંદાજીત ૮૦૦ થી વધુ નવા ખોલેલા અને જુના બેંક એકાઉન્ટમાં ઓછામાં ઓછો આઠ લાખ અને વધુમાં વધુ પચાસ લાખ સુધીના અવાર નવાર વ્યવહારો થયાની ચર્ચા ટોક ઓફ ધી ટાઉન બની છે. વળી આવા વ્યવહારોમાં ખાતા ધારકોને બેથી પાચ ટકા કમિશનો આપી ખાતામાં નાખેલી મુળ રકમો ભેજાબાજો પોતાના હસ્તક કરી દેશ–વિદેશમાંથી આવેલું ફંડ પોતાનું કમીશન ગોઠવી પરત મોકલી રહ્યાનું પણ ચર્ચામાં આવ્યું છે. બાબરા શહેરમાં રહેતા લોકોએ ટુંક સમયમાં કરોડો રૂપિયાની મિલ્કતો વસાવી. તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આવી મિલકતો લેનાર ઉપર પણ તપાસ હાથ ધરવામાં આવે, ાબરા પોલીસ મથકમાં ગઈકાલે પોલીસે નોંધાયેલી એક જાણવા જોગ તરીકેની એન્ટ્રીમાંથી મળતી વિગત મુજબ બાબરા ખોજા ખાના શેરીમાં રહેતા રહીમ મજીદ અગવાનના ઘેર તા. ૧૭ સાંજે ચાર કલાકે પોલીસ દ્વારા થયેલી તપાસમાં તેમની પાસેથી અલગ અલગ એ.ટી.એમ., બેન્ક પાસ બુક, ચેક બુક, સીમકાર્ડ તથા અન્ય વસ્તુઓ મળી આવેલ હોય. જે બાબતે પુછપરછ કરી જરૂરી ચીજવસ્તુઓની નકલો મજકુર પાસે નકલો તૈયાર મેળવી તેમના અસલ દસ્તાવેજો પંચોની હાજરીમાં જે તે સ્થિતિમાં તેઓને પરત સોંપી આપવામાં આવેલ છે અને રહેણાંક મકાનેથી અને અંગઝડતી કરતા કોઈ વાંધાજનક ચીજવસ્તુ મળી આવેલ નથી. પરંતુ તેના કબ્જામાંથી પોતાનો મોબાઈલ રજુ કરતા જે જોતા Redmi Note 12-Pro+ (5G) કાળા કલરનો જેના IMEI નં. ૮૬૯૭૪૮૦૬૪૮૩૦૧૩૦૭૮ તથા ૮૬૯૭૪૮૦૬૪૮૩૦૧૪૮૭૮ ના છે જે મોબાઈલ તપાસ અર્થે કિંમત રૂા. ૧૦,૦૦૦/– નો ગણી કબ્જે કરેલ છે. આ સિવાય મળી આવેલ બેન્કનાં સાહિત્યો વધુ પ્રમાણમાં અલગ અલગ બેન્કના ટ્રાન્ઝેકશન સહિત સાહિત્યો મળી આવેલ હોય. જે સાહિત્યો મુદ્દે માન્યામાં ન આવે તેવી હકીકત પુછપરછ દરમ્યાન જણાવતો હોય. જેથી આ સાહિત્યો બાબતે વધુ તપાસ કરવા હાલ નાયબ પોલીસ અધિક્ષક કચેરીના કર્મચારી અના. હેડ કોન્સ દિનેશભાઈ આંબાભાઈ સોલંકી દ્વારા જાણવા જોગ જાહેરાત નોંધાવતા બાબરા પોલીસ ઈન્સ. એ.એમ. રાધનપરા દ્વારા તપાસ આગળ વધારી છે.

શહેરમાં વ્યાપક બનેલી ચર્ચામાં અવાર નવાર બાબરા અને બહારના વિસ્તારની પોલીસ અહીના ભેજાબાજોને ઉપાડી કુલડીમાં ગોળ ભાંગી રહી છે. કડક અધિકારી દ્વારા બેંક એકાઉન્ટ આધારે તપાસ કરવામાં આવે તો અનેકના તપેલા ચડી જવા સંભવ હોવાનું માનવામાં આવે છે.

તેમજ આ વ્યકિતના મસીહા બની પહેલાં તોડ પાણી પોતે કરી ગયેલા અને પછી બીજા તોડ પાણી કરવા આવેલા ત્યારે કહેવાતા બાબરાના ડી.સ્ટાફ ના એક વહીવટદાર કોન્સ્ટેબલ આ રહીમના મસીહા બની સેટિંગ પાડતા હોવાના ન્યુઝ વહેતા થયેલ છે. જેની તપાસ કરતા કોલ ડીટેલ કે વોટ્સએપ કોલ ડિટેલ આધારે ખબર પડી શકે એવું હોય. તો કયાંયને કયાંય બાબરા સ્થાનિક પોલિસના અમુક વહીવટદાર પોલીસ પણ આ કાંડમાં સામીલ હોવાનું જણાય આવી રહ્યું છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૯૫ | ૧૫૦૫ |
| ૨ | મગફળી | ૧૦૫૭ | ૧૩૪૧ |
| ૩ | ઘઉં | ૫૦૭ | ૫૫૫ |
| ૪ | ચણા | ૧૦૮૩ | ૧૧૮૧ |
| ૫ | ધાણા | ૧૧૮૫ | ૧૧૮૫ |
| ૬ | સોયાબીન | ૮૬૧ | ૯૨૧ |
| ૭ | સફેદ તલ | ૨૯૬૦ | ૨૯૬૦ |
| ૮ | મેથી | ૧૨૦૦ | ૧૨૦૦ |

# બાબરા તાલુકાનાં ઈસાપર ગામે શાળા અને આંગણવાડીમાં સફાઈ ઝુંબેશ યોજાઈ







સ્વચ્છતા હી સેવા મહા અભિયાન અંતર્ગત જિલ્લામાં ગામે ગામ સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓ યોજાઈ રહી છે. સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત બાબરા તાલુકાના ઈસાપર ગામે શાળા અને આંગણવાડીમાં સફાઈ ઝુંબેશ યોજાઈ હતી. શાળાના શિક્ષકો સહિત બાળકો પણ સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા. જિલ્લામાં ગામે ગામ સ્વચ્છતા અભિયાન વેગવંતુ બન્યું છે. ઉપરાંત ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં લોકો ઉત્સાહભેર સ્વચ્છતાગ્રહી બની રહ્યા છે. જિલ્લામાં ''સ્વચ્છતા એ જ સેવા'' કાર્યક્રમ અંતર્ગત તા.૨૩ ઓકટોબર થી ૨૮ ઓકટોબર,૨૩ સુધી તમામ શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટી, બિલ્ડિંગ, શાળા અને કોલેજ કેમ્પસ ખાતે સફાઈ ઝુંબેશ યોજાઈ રહી છે. આગામી રવિવારે ગ્રામ્ય અને શહેરના અનિયમિત વિકસિત અને અવિકસિત વિસ્તારમાં વિશેષ સ્વચ્છતા ઝુંબેશ પણ યોજાશે. મહાત્મા ગાંધીજીના સ્વચ્છતાલક્ષી વિચારોને આજે ગુજરાતનો જન જન સાર્થક કરી રહ્યો છે. સમગ્ર રાજયમાં સ્વચ્છતા હીસેવા અભિયાન પૂરજોશમાં આગળ ધપી રહ્યુ છે. ઉપરાંત આ અભિયાનમાં સામાજિક સંસ્થાઓ સહિત સૌ જનભાગીદાર બની રહ્યા છે. આવો સૌ સ્વચ્છતા હી સેવા અભિયાનમાં જોડાઈને સ્વચ્છ ગુજરાતનું નિર્માણ કરીએ.

### રાજ્ય પ્રમુખ ડો.શંકરસિંહ રાણાનાં અધ્યક્ષ સ્થાને

# અમરેલી ખાતે જિલ્લા શાળા સંચાલક મંડળની મહત્વની બેઠક યોજાઇ

## ડો. કાનાબાર, અશ્વિન સાવલિયા સહિતનાં આગેવાનો પણ ઉપસ્થિત રહ્યાં



અમરેલી, તા.૨૭

અમરેલી ખાતે જિલ્લા શાળા સંચાલક મંડળ ગ્રાન્ટેડ / નોન ગ્રાન્ટેડની મીટીંગ અખિલ ગુજરાત શાળા સંચાલક મહામંડળ, અમદાવાદના રાજયના પ્રમુખ ડો. શંકરસિંહ રાણાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી આ મીટીંગમાં માધ્યમિક શિક્ષણ બોર્ડના સિનિયર બોર્ડ સદસ્ય અને મહામંડળના મહામંત્રી ડો. પ્રિયવદન ભાઈ કોરાટ, મંત્રી સંજયભાઈ રાવલ, ઝોન ચેરમેન અશોકભાઈ રામ, પૂર્વ મહામંત્રી કનુભાઈ સોરઠીયા, રાજકોટ જિલ્લા શાળા સંચાલક મંડળના પ્રમુખ દિનેશભાઈ ભૂવા, અમરેલી જિલ્લા શાળા સંચાલક મંડળના પ્રમુખ અરૂણભાઈ અમરેલી જિલ્લા ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, ડો.કાનાબાર, ચતુરભાઈ ખૂંટ, દિપકભાઈ વઘાસિયા, રવજીભાઈ કાચા, પ્રહલાદભાઈ વામજા, પ્રેમજીભાઈ રબારીકા, અતુલભાઈ જાની, જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખ સી.પી.ગોંડલીયા, મહામંત્રી મુકુંદભાઈ મહેતા, વિપુલભાઈ વ્યાસ,માધ્યમિક સંઘ ના પરેશભાઈ રાઠોડ, પ્રવિણભાઈ વસરા, વહીવટી કર્મચારી સંઘના કનક જાની, જિતેન્દ્રભાઈ ભડેરી તેમજ સમગ્ર જિલ્લા ભરમાંથી ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ શાળાના સંચાલકઓ, આચાર્યો વગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા આ તકે સૌનું શબ્દોથી સ્વાગત સંચાલક મંડળના મહામંત્રી દ્વારા કરવામાં આવેલ હતું.

આ તકે દિનેશભાઈ ભૂવા દ્વારા આચાર્ય ભરતી બાબતમાં થયેલ સુંદર કાર્યવાહી અંગે સભાને વાકેફ કરેલ હતા.ત્યાર બાદ સંજયભાઈ રાવલ દ્વારા સરકારમાં મંડળની વિવિધ રજૂઆતો અંગે જણાવેલ હતું. ત્યારબાદ બોર્ડે સદસ્ય ડો. પ્રિયવદન કોરાટ દ્વારા તેમની લાક્ષણિક શૈલીમાં બોર્ડ દ્વારા તાજેતરમાં ધોરણ ૧૦/૧૨ના પરીક્ષા પદ્ધતિમાં કરેલ ફેરફાર, સંકલન સમિતિ દ્વારા કરેલ આંદોલન અને તેના પરિણામ સ્વરૂપે થયેલ પ્રશ્નોના નિરાકરણ અંગે સભાને વાકેફ કરેલ હતા આ તકે સભાના અધ્યક્ષસ્થાનેથી રાજયના પ્રમુખ ડો.શંકરસિંહ રાણા દ્વારા શાળા સંચાલકોના વિવિધ પ્રશ્નોના નિરાકરણ લાવવામાં મંડળ દ્વારા કરેલ વિવિધ કામગીરી અંગે સભાને વાકેફ કરેલ હતા અને અગામી રાજય અને ઝોન ના અધિવેશનમાં બહોળી સંખ્યામાં સંચાલકોને ઉમટી પડવા હાકલ કરેલી હતી.

## ચંદ્રની ચાંદની, સ્વાસ્થ્ય માટે અતિ કામની



શરદ પુનમ એટલે સોળ કળાએ ખીલેલા ચંદ્રનાં દર્શન. ઠંડીમાં ઠંડક થવાની નિશાની. ગરમીમાં ટાઢક વરસાવવાની કહાની. ચોમાસું પૂરું થાય અને શિયાળો શરૂ થાય ત્યારે બંનેની વચ્ચે શરદ ઋતુ આવે છે.

શરદ ઋતુને રોગોની મા કહેવાય છે. દિવસમાં ત્રણ ચાર વખત બદલતા જતા વાતાવરણથી માણસનાં શરીરમાં જાતજાતનાં ફેરફાર થાય છે જેનાં કારણે વિવિધ રોગો થવાની સંભાવના રહે છે.

આવી પરીસ્થિતિ થી દુર રહેવા માટે તેમજ આખું વર્ષ નિરોગી રહેવા માટે શરદપૂનમનાં દિવસે નીકળેલી ચાંદનીમાં દૂધ પોઆ રાખીને ખાવાની પ્રથા તો વર્ષો જૂની અને જાણીતી છે પરંતુ આવો જ એક ભિન્ન પ્રકારનો પ્રયોગ છે ખડીસાકર નો પ્રયોગ.

શરદ–પૂનમની રાત્રે આપણે જો ખડી સાકર (મોટા ટુકડાવાળી)ને અગાસીમાં મૂકી દઈએ તો આખી રાત્રિ ચંદ્રની સોળ કળાઓ આવી ખડી સાકરમાં પ્રવેશે છે. શરદ પૂનમની રાત્રિએ ચંદ્રની અંદરથી એવા ખાસ કિરણો નીકળે છે જે આપણાં શરીરને આરોગ્ય અને મનને પરમ શાંતિ આપે છે.

ખડી સાકરની અંદર ચંદ્રની આવીઅસર પ્રવેશે છે. દુકાનેથી ૫/૧૦/૧૫/૨૦ કિલો કે આખા વર્ષની જે જરૂર હોય તેટલી ખડી સાકર ખરીદીને લાવવાની. શરદ પૂનમે એટલે કે આસો સુદ પૂનમે રાત્રે અગાસીમાં એક મલમલ જેવા આછા સફેદ કપડામાં એને મૂકી દેવાની. ઉપર જાળી ઢાંકી શકાય. સવાર સુધી આ ખડી સાકર અગાસીમાં રાખો એટલે ચંદ્રનાં શીતળ કિરણોની પિત્તશામક અસર એની અંદર આવી જશે. સવારે આ ખડી સાકરનાં થોડાંક નાના ટુકડા કરીને એને કાચની બરણીમાં ભરીને મૂકી રાખવાની.

જયારે એસિડિટી થાય, પેટમાં દુઃખે, માથું દુઃખે ત્યારે આ ખડી સાકર ચૂસવાથી ખૂબ ઝડપથી એસિડ શાંત થશે. પિત પેટમાંથી ઉપર ચડીને માથું દુઃખાડે છે. આવા સમયે આ ખડી સાકર ચૂસવાથી પિત શાંત થશે, સરવાળે માથું દુઃખતું મટશે.

વર્ષ દરમિયાન આયુર્વેદની કોઈ પણ દવા કે અન્ય કિચન મેડિસીન લેતી વખતે એની સાથે આમાંથી થોડીક ખડી સાકર લેવાય તો એ દવાની અસર વધુ સારી થશે. થોડોક સમય કાઢીને આપણે પણ જો શરદ–પૂનમની રાત્રિએ અગાસીમાં બેસીએ તો આપણાં તન–મન ઉપર, આપણાં અગણિત ન્યૂરોન્સ પર એની અદભુત અસર થાય છે તો આવા શરદ પુનમના તહેવારને વૈજ્ઞાનિક રીતે મનાવીએ.

ઉપરાંત આવી રહેલાં નવા વર્ષે આપનાં ઘેર કોઈ આવે ત્યારે એનું મોં નકલી દૂધનાં પેંડા, કાજુ કતરી કે બરફીથી કરાવવાને બદલે આવી ખડી સાકરથી કરાવશો તો એ વ્યક્તિને પણ લાભ થશે. આપ ઈચ્છો તો આવી સાકરનાં ૧૦૦ થી ૨૦૦ ગ્રામનાં પેકેટ કોઈને ભેટમાં આપીને આપણા સ્વજનોને નિરોગી રાખવા પ્રયત્ન કરજો.

– મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

### પ્રધાનમંત્રી ફોર્મલાઈઝેશન ઓફ માઈક્રો ફૂડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઈઝ યોજના

# અમરેલી જિલ્લામાં માઈક્રો ફૂડ પ્રોસેસિંગના એકમો શરૂ કરવાની સહાયતા મળશે

## વધુ માહિતી માટે ડી.આર.પી. અથવા નાયબ બાગાયત નિયામકની કચેરીનો સંપર્ક કરવો

અમરેલી, તા.૨૭

ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા સમગ્ર ગુજરાતમાં પ્રધાનમંત્રી ફોર્માલાઈઝેશન ઓફ માઈક્રો ફૂડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઈઝ યોજના (PMFME) કાર્યરત છે. આ યોજના અંતર્ગત ખાનગી માઈક્રો ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગો માટે ઉદ્યોગદીઠ પાત્રતા ધરાવતા પ્રોજેક્ટ ખર્ચના ૩૫ % (મહતમ રૂ. ૧૦.૦૦ લાખ સુધીની) સહાય મળી શકે છે, અને એફ. પી. ઓ., સહકારી મંડળી, સ્વ–સહાય જૂથોને પ્રોજેક્ટ ખર્ચના ૩૫ % (મહતમ રૂ. ૦૩.૦૦ કરોડસુધીની) સહાય મળી શકે છે. સરકારની આ યોજનાનો લાભ હાલના કાર્યરત પ્રોજેક્ટ કે નવો પ્રોજેક્ટ શરૂ કરવા માટે પ્રયત્નશીલ ફૂડ પ્રોસેસિંગ એકમોને પણ મળશે.આ સિવાય નવા ઉદ્યોગ સાહસિકો પોતાનો નવો ઉદ્યોગ પણ ચાલુ કરી શકે છે. નાના ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગો જેવા કે જામ, જેલી અથાણા, કેનીગ, પલ્પીંગ, પ્યુરી,પેસ્ટ પાવડર, રેડી ટૂ સર્વ,રેડી ટૂ ડ્રીંક, પાપડ, મસાલા પ્રોસેસિંગ યુનિટ, ફ્રોજન શાકભાજી, ખાખરા, નમકીન, બેકરી, દાળ મીલ, ચોખા મીલ, તલની ચીકી, સિંગની ચીકી, ફ્યુરી, પીનટ બટર, હળદર અને મરચાનાં મસાલા પ્રોસેસિંગ યુનિટ, ડેરી માટેના પનીર, ચીઝ, માવો, આઈસ્ક્રીમ, પાવડર, મરીન પ્રોડક્ટ્સ જેવી કે માંછલીનાં અથાણા, ઝીંગાના અથાણા, ફ્રોજન, પાવડર વગેરે ઉદ્યોગોને આ યોજનામાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે.

પ્રોજેક્ટ તૈયાર લઈ ઓનલાઈન રજુ કરવા સુધી દરેક તબક્કે અરજીકર્તાને મદદ માટે સરકાર દ્વારા જીલ્લા કક્ષાએ ડીસ્ટ્રીક રિસોર્સ પર્શન (ડી. આર. પી) રાખવામાં આવ્યા છે.

અમરેલી જીલ્લા માટે આ યોજનાનો લાભ લેવા માટે પ્રદીપ મુગલપરા (ડી. આર. પી) મો. નં. ૯૭૨૭૬ ૯૦૪૧૪ નો સંપર્ક કરવો. આ યોજના અંગેની વધુ માહિતી મેળવવા માટે જિલ્લા નોડલ અધિકારી તરીકે નાયબબાગાયત નિયામકની કચેરી, સરદાર ચોક, ચક્કરગઢ રોડ, અમરેલી (૦૨૭૯૨–૨૨૩૮૪૪) કચેરીનો સંપર્ક કરવો તેમ નાયબ બાગાયત નિયામક, અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

### જુનાગઢ સામે ૮ વિકેટથી

# અમરેલી ડીસ્ટ્રીકટ ક્રિકેટ ટીમ તાજાવાલા ટુર્નામેન્ટની સેમિ ફાઈનલમાં વિજેતા

## જયદેવ ખુંટએ ૫૬ રન તેમજ કેપ્ટન નીલમ વામજાની ૪ વિકેટ અને વૈભવ બાંભણીયાએ ૪૪ રન તેમજ ૪ વિકેટ ઝડપી મેન ઓફ ધ મેચ મેળવેલ છે

અમરેલી, તા.૨૭, સૌરાષ્ટ્ર ક્રિકેટ એશોસીએશન તરફથી ચાલતી તાજાવાલા ટુર્નામેન્ટમાં અમરેલી ડીસ્ટ્રીકટ ટીમની તા.૨૭/૧૦/૨૦૨૩ ના રોજ જુનાગઢ સામેની સેમી ફાઈનલ મેચમાં જુનાગઢ ટીમે ટોસ જીતીને પ્રથમ દાવ લેતા અમરેલી ડીસ્ટ્રીટની ટીમે માત્ર ૧૪૩ રનમાં જ ટીમને ઓલ આઉટ કરેલ જેમાં કેપ્ટન નીલમ વામજાએ ૩ વિકેટ અને વૈભવ બાંભણીયાએ ૪ વિકેટ તેમજ ભુપત વાળા, અતીક જફાઈ અને પ્રિન્સ ચોવટીયાએ ૧–૧ વિકેટ લીધેલ ત્યારબાદ અમરેલી ટીમને દાવમાં આવતાં જયદેવ ખુંટનાં ૫૬ રન તેમજ વૈભવ બાંભરોલીયાનાં ૪૪ રન તેમજ અતેક જફાઈનાં ૨૬ રન અને કિશન રામણીનાં ૧૬ રન સાથે ૧૪૪ રન માત્ર બે વિકેટે જ ચેઝ કરી લેતાં અમરેલી ડીસ્ટ્રીકટની ટીમનો આ સેમી ફાઈનલ મેચમાં ૮ વિકેટથી ભવ્ય વિજય થયેલ છે. ક્રિકેટરોનાં સુંદર પરર્ફોમેન્સ બતાવવા બદલ અમરેલી ડીસ્ટ્રીકટ ક્રિકેટના ચેરમેન શૈલેષભાઈ સંઘાણીએ અમરેલીની ટીમને અભિનંદન આપેલ છે. તેમ આ ક્રિકેટ ટીમનાં કોચ મયુરભાઈ ગોરખીયાની યાદીમાં જણાવેલ છે.

### રાસ ગરબા સાથે પૌઆનો પ્રસાદ

# રાજકોટ જીવનનગરમાં આજે શરદૌત્સવની ઉજવણી કરાશે

## ચંદ્રગ્રહણ નિદર્શન કાર્યક્રમ યોજાશે

રાજકોટ, તા.૨૭

ભારત જન વિજ્ઞાન જાથાના સહયોગથી જીવનનગર વિકાસ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, નવરાત્રિ મહોત્સવ સમિતિ, મહિલા મંડળના સંયુકત ઉપક્રમે શરદૌત્સવની ઉજવણી મહાદેવધામના મેદાનમાં રાસ – ગરબા સાથે શિતળ પૌઆના પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

સમિતિના પ્રમુખ – એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે શનિવાર તા. ૨૮ મી એ રાત્રિના દસ કલાકે જીવનનગર શેરી નં. ૪, મહાદેવધામના પટાંગણમાં પ્રતિ વર્ષની જેમ શરદ ઉત્સવની સામુહિક રાસ – ગરબા આયોજન સાથે ઉજવણી કરવામાં આવશે. શીતળ પૌઆનો પ્રસાદ સામુહિક આરોગવામાં આવશે. જીવનનગર, જ્ઞાનજીવન, અમી પાર્ક, દેશળદેવ પરા, શિવપરા, બ્રહ્મસમાજ, તિરૂપતિનગર આસપાસના રહીશો હાજરી આપશે. આ દિવસે ચંદ્રગ્રહણ મધ્યરાત્રિ હોય નિદર્શનનું ખાસ આયોજન કરવામાં આવ્યું છે. વિજ્ઞાન ઉપકરણથી ગ્રહણની સમજ આપવામાં આવશે. પ્રાચીન ગરબીની ત્રણેય ગ્રૃપની બાળઓ અને વાલી હાજરી આપશે. શ્રેષ્ઠતમને ઈનામ આપવામાં આવશે. આ પ્રસંગે ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહ, મેયર નયનાબેન પેઢડીયા, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.કમિટીના ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષના નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડીયા, જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, સંજયભાઈ રંગાણી, વોર્ડના પ્રભારી રઘુભાઈ ધોળકીયા, વોર્ડ પ્રમુખ રજનીભાઈ ગોલ, મહામંત્રી મેહુલભાઈ નથવાણી, રત્નદિપસિંહ જાડેજા સહિત ભા.જ.પ. ના આગેવાનો ખાસ હાજરી આપશે. શરદૌત્સવની તૈયારી જયંત પંડયાના વડપણ હેઠળ મુકેશભાઈ પોપટ, પંકજભાઈ મહેતા, વિનુભાઈ ઉપાધ્યાય, વિનોદરાય ભટ્ટ, પાર્થ ગોહેલ, શૈલેષભાઈ પુજારા, અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, ગોવિંદભાઈ ગોહેલ, મહિલા મંડળના સુનિતાબેન વ્યસ, ભારતીબેન ગંગદેવ, શોભનાબેન ભાણવડિયા, યોગીતાબેન જોબનપુત્રા, હર્ષાબેન પંડયા, આશાબેન મજેઠીયા, જયોતિબેન પુજારા, અલ્કાબેન પંડયા, જિગીષાબેન રાવલ, નેહાબેન મહેતા સહિત બહેનો સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવે છે.

અંતમાં શનિવાર રાત્રિના સાડા નવ કલાકે રહીશોએ હાજર રહેવું.

## કેવા હતા, પહેલાનાં તહેવારો... તો કેય છે

આંગણે રાજીપાંનાં આવકાર અપાતા..અને હવે
પરમિશન લઈ ને પગ મુકાય છે..
તહેવારો હવે ઝાંખા થઈ ગયા...
કાચી માટીનાં કોડિયામાં મહેનતનું તેલ પુરી દિવા કરાતા...
હવે ચાઈના દિવા પાણી થી ચાલુ થયા....
તહેવારો હવે ઝાંખા થઈ ગયા....
નવા કપડાં ખરીદીની ખુશી ચહેરા પર દિવસો સુધી વરતાતી..
સાહેબ..
બ્રાન્ડેડના તો ત્યારે જમાના પણ ન હતા...
પરિશ્રમ ની સફળતા થી,
મહેકી ઉઠતો હર માનવી.
પાવરનાં ત્યારે પરફ્યુમ કયાં હતા...
તહેવારો હવે ઝાંખા થઈ ગયા....
અતિથિ ને લાગણીની લાપસી જમાડતા
ઘમંડ ની કાજુકતરીનાં તો નામ પણ નોતા...
તહેવારો હવે ઝાંખા થઈ ગયા.....



– દિપ્તી ગજ્જર

### જુદી–જુદી સમસ્યાઓનું સ્થળ પર નિરાકરણ થશે

# અમરેલીમાં આવતીકાલે ભુતપુર્વ સૈનિકો, વીર નારીઓ અને આશ્રિતોનું સંમેલન યોજાશે

## જિલ્લાના તમામ પુર્વ સૈનિકોને ઉપસ્થિત રહેવા અનુરોધ થયો

અમરેલી, તા.૨૭, વેટરન સેલ સ્ટેશન હેડ કવાર્ટર જામનગર તથા ૧૩ જેએકે લાઈ રેજીમેન્ટ દ્વારા તા. ૨૯/૧૦/૨૦૨૩ને રવિવારનાં રોજ સવારે ૯ વાગ્યાની બપોરનાં ૧ વાગ્યા દરમ્યાન વિદ્યાસભા શૈક્ષણિક સંકુલ, લાઠી રોડ, અમરેલી ખાતે અમરેલી જિલ્લામાં વસવાટ કરતા ભુતપુર્વ સૈનિકો, વીર નારીઓ અને તેના આશ્રિતોને આ સાથે જણાવવામાં આવે છે આ સંમેલનમાં ભુતપુર્વ સૈનિકો વીરનારીઅઓ અને તેના આશ્રિત પરિવારનોની જુદી– જુદી સમસ્યાઓનું સંબંધીત વિભાગો દ્વારા ઓન ધ સ્પોટ નિરાકરણ લાવવાનાં પ્રયાસો થશે. જે માટે ભુતપુર્વ સૈનિકો વીર નારીઓ અને તેના આશ્રિતો દ્વારા જરૂરી ઓરીજનલ ડોકયુમેન્ટ સાથે લાવવાનાં રહેશે. ઉપરાંત આ સંમેલનમાં હેલ્થ ચેકઅપ કેમ્પનું પણ આયોજન કરવામાં આવેલ છે. વધુ માહિતી માટે મોબાઈલ નં.૯૪૨૮૧ ૯૦૩૨૧ પર સંપર્ક કરવા ભૂતપુર્વ સૈનિક પરેશભાઈ અખબારી યાદી જણાવે છે.

# ચલાલા : ગાયત્રી સંસ્કાર વિદ્યાલયને મળ્યો બેસ્ટ સ્કૂલનો એવોર્ડ



યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલય કે જેમને ૨૦૦૬માં ધો. ૧ માત્ર ૨૪ બાળકોથી શરૂ કરી આજે ધો. ૧ થી ૧૨ની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળામાં ૬૫૦ બાળકો કરી મોટું વટવૃક્ષ બનાવ્યું છે. આ શાળામાં અભ્યાસ કરી ગયેલ બાળકોમાં કોઈક નેવીમાં છે તો કોઈ ડોકટર, પ્રોફેસર, એન્જીન્યરીંગ, આર્મી વગેરેમાં સર્વિસ મેળવી સંસ્થાનું નામ રોશન કરે છે. તો છેલ્લા આઠ દસ વર્ષથી ધો. ૧૦ અને ૧૨નું પરિણામ પણ શ્રેષ્ઠ આ સ્કૂલ લાવે છે. તાજેતરમાં પાલીતાણા ખાતે યોજાયેલ ૧૭મો રાજય ગણિત મહોત્સવ–૨૦૨૩માં વિદ્યાલયને બેસ્ટ સ્કૂલ ૨૦૨૩નો એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવી હતી. આ સ્કૂલનું સફળ સંચાલન ડાયરેકટર ભારતભૂષણ મહેશભાઈ મહેતા અને આચાર્ય શીતલબેન મહેતા ધ્વારા થઈ રહેલ છે. આ રીતે આ સંસ્થાએ એવોર્ડ મેળવી સમગ્ર વિસ્તાર અને અખિલ વિશ્વ ગાયત્રી પરિવારનું ગૌરવ વધાર્યુ છે.

## છેતરપીંડી અને વિશ્વાસઘાત કરીને માલેતુજાર બનેલા પર ગાળિયો કસવો જોઈએ

# બેન્ક ખાતામાં થયેલ કરોડોનાં કથિત ફ્રોડ ટ્રાન્ઝેકશનની તપાસ જરૂરી

**બેન્ક લોન માટે ડોક્યુમેન્ટ આપીને મોટા આર્થિક કમિશનો મેળવવાની લાલચમાં અનેક ફસાયા હોવાની ચર્ચા**

**બાબરા, ગારિયાધાર, અમરેલી, બગસરા, રાજકોટ, જસદણ સહિતની બેન્કોમાં ૨ વર્ષમાં ખુલેલ ખાતાની તપાસ જરૂરી**

**પોલીસને બાબરાનાં શખ્સ પાસેથી મસમોટું સાહિત્ય મળી આવતા સૌ ચોંકી ગયા**

**સમગ્ર બનાવ અતિ ગંભીર હોય સમગ્ર જિલ્લાની જનતાની નજર મંડાયેલી છે**

બાબરા, તા. ૨૭

બાબરા શહેર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ટુંકા રસ્તા અખત્યાર કરી અને સાઈબર રીતે મોબાઈલ, કોમ્પ્યુટર અને વિદેશી ગેમો તથા બોગસ વેપારી પેઢી બનાવી જી.એસ.ટી. ચોરી સહિત મોબાઈલ ગેમિંગ ફ્રોડ અને વિદેશી આર્થિક ફંડ મંગાવી કાળા ધોળ કરવામાં માહિર લોકો દ્વારા પોતાના ભેજાની ઉપજથી પોતે અને લગતા વળગતાના ડોકયુમેન્ટ એકઠા કરી અનેક લોકો રાતો રાત માલેતુજાર બની રહ્યા છે. વળી આવા કારસ્તાની લોકોને અવાર નવાર સ્થાનિક અને જીલ્લા પોલીસ તથા સૌરાષ્ટ્રની પોલીસોનું તેડું આવ્યા બાદ થોડી કલાકોમાં બે ફિકર બની ખુલ્લી હવામાં ઘૂમતા નજરે પડે છે. અત્રે યાદ રહે કે બીટકોઈન ગોટાળા વખતે તત્કાલીન જીલ્લા પોલીસ વડા સહિતનો પોલીસ સ્ટાફ જેલ હવાલે થયેલો હતો.

બાબરા વિસ્તારમાં વ્યાપક બનેલી ચર્ચા મુજબ અહીના જુદા જુદા સ્લમ વિસ્તારોના શ્રમિક લોકો પાસે લોન અપાવવા અને બેંક ખાતામાં મોટી રકમો જમા અપાવી અને મોટું કમીશન આપવા સુધીના તેમજ જુદી જુદી મોબાઈલ ગેમો મારફતના આર્થિક વ્યવહારો સ્થાનિક બેંકોમાં કરવામાં આવે છે. આવા સુસુપ્ત પડેલા બેંક ખાતામાં છેલ્લા ત્રણ વર્ષથી થતા આર્થિક વ્યવહારો લાખો કરોડો નહી પરંતુ અબજોના આકડા હોવાની ચર્ચા

અનુસંધાન પાના ૬ ઉપર

### સતાધારનગર વિસ્તારની ઘટના

## રાજુલામાં મહિલાએ માનસિક બીમારીથી કંટાળી એસિડ પીતા મોત

અમરેલી, તા. ૨૭, રાજુલાનાં સતાધારનગરમાં રહેતા ઉષાબેન નિલેશભાઈ વાલસુર નામનાં ૪૦ વર્ષિય મહિલા માનસિક બીમાર હોય, દવા ચાલું હોય. બીમારીથી કંટાળી જઈ તેણીએ ગત તા. ૨૬/૧૦નાં રોજ સવારે બાથરૂમ-ટોઈલેટમાં પડેલ એસડ પી લેતા તેણીનું સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### જુના ઝાંઝરીયાનાં શિક્ષકનાં આત્મહત્યા કેસને લઈને

## લીલીયા ખાતે દલિત સમાજનાં આગેવાનોએ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું

**આરોપીઓને ઝડપી કડક કાર્યવાહી કરવા માંગ**



લીલીયા, તા. ૨૭

બગસરાનાં જુના ઝાંઝરીયા ગામે દલિત સમાજનાં શિક્ષકે અમુક વ્યકિતઓનાં ત્રાસથી આત્મહત્યા કરી લેતા તેના ઘેરા પ્રત્યાઘાતો દલિત સમાજમાં પડેલ છે.

દલિત સમાજનાં આગેવાનોએ મામલતદારને આવેદનપત્ર પાઠવીને આત્મહત્યા કેસમાં જવાબદાર વ્યકિતઓની અટકાયત કરીને કડકમાં કડક સજા કરવાની માંગ કરેલ છે.

### સાવરકુંડલા નજીક આવેલ

## ચરખડીયા ગામ નજીક રોડ ઉપર બાઈક સાથે પ્રૌઢ ઉભા હોય કારે ઠોકર મારી

**ફોનમાં વાત કરતાં વ્યકિતનું ગંભીર ઈજાથી મોત**

અમરેલી, તા. ૨૭

સાવરકુંડલા તાલુકાનાં ચરખડીયા ગામે રહેતા અજીતભાઈ બદરૂભાઈ લાલુ નામનાં ૨૪ વર્ષિય રત્ન કલાકારનાં પિતા બદરૂભાઈ પોતાના હવાલાવાળા મોટર સાયકલ નં. જી.જે.-૧૪ એએસ ૫૮૩૪ લઈ ચરખડીયાથી સાવરકુંડલા જતાં હતા. ત્યારે બદરૂભાઈનાં ફોનમાં કોઈકનો ફોન આવતા બાઈક રોકી સાઈડમાં ઉભા હતા ત્યારે ફોર વ્હીલ નં. જી.જે. ૦૧ કેકયુ ૭૯૦૭નાં ચાલકે તેમને હડફેટે લઈ ગંભીર ઈજાઓ કરી બદરૂભાઈનું મોત નિપજયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.


Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી. (જંગવાળા)
હસ્તરેખામાં નહી પણ હોંસલામાં અને કુંડળીમાં નહી પણ કાંડાના કૌવતમાં નસીબ લખાયેલુ હોય છે
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166


### વર્તમાન ચેરમેન દીપક માલાણી અને પૂર્વ ચેરમેનની પેનલ વચ્ચે ટક્કર

# સાવરકુંડલા માર્કેટયાર્ડની ચૂંટણીમાં મતદારોએ ઉત્સાહભેર મતદાન કર્યુ : આજે મત ગણતરી

**ભાજપનાં જ બન્ને નેતાઓએ સામસામે પેનલ મેદાનમાં ઉતારી છે**



સાવરકુંડલા, તા. ૨૭

અમરેલી જિલ્લાના બીજા નંબરના સાવરકુંડલા માર્કેટયાર્ડની ચૂંટણી આજે યોજાઈ છે.ખેડૂત પેનલના ૨ બુથ વેપારી પેનલ માટે ૧ બુથ ઉપર મતદાન થયું છે. ખેડૂત પેનલની ૧૦ બેઠક માટે ૨૦ ઉમેદવારો વેપારી પેનલ માટે ૫ ઉમેદવારો મેદાનમાં છે. ખેડૂત પેનલમાં ૬૫૮ મતદારો છે જયારે વેપારી પેનલમાં ૨૧૬ મતદારો મતદાન કરવાના છે. જયારે ખરીદ વેચાણ વિભાગની ૨ બેઠક બિનહરીફ થઈ છે. ત્યારે સાવરકુંડલા માર્કેટયાર્ડના ચેરમેન દિપક માલાણીએ સાવરકુંડલા માર્કેટયાર્ડમાં પોતાની પેનલની જીતનો વિાસ વ્યકત કર્યો હતો.

પૂર્વ ભાજપના ધારાસભ્ય અને પૂર્વ સાવરકુંડલા માર્કેટયાર્ડના ચેરમેન ભાજપ અને કોંગ્રેસની સંયુકત પેનલમાંથી ચૂંટણી લડી રહ્યા છે અને ભૂતકાળમાં તેમણે સાવરકુંડલા માર્કેટયાર્ડમાં કરેલ અનેક કામોનો લઈને પોતાની જીતનો વિાસ વ્યકત કર્યો હતો.

સાવરકુંડલા માર્કેટયાર્ડની

અનુસંધાન પાના ૬ ઉપર


સુવર્ણથી સંબંધો સુધીનું Sopan
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા) SINCE 1989
આપસૌ ગ્રાહકોના સ્નેહભર્યા સંબધોના સથવારે
અમારા નિલકંઠ જવેલર્સરૂપી સરીતાના સુખરૂપ ૩૪ વર્ષ પૂર્ણ કરી આજના શરદપૂર્ણિમાનાં દિવસે ૩૫ માં વર્ષમાં મંગલપ્રવેશ પ્રસંગ નિમિતે, આપ સૌ ગ્રાહકમિત્રો,સ્નેહીઓ,વેપારીમિત્રો તેમજ અમારા શુભચિંતકો નો આ અવસરે અમો હૃદયપૂર્વક આભાર વ્યકત કરીએ છીએ. તેમજ અમારી આ સરીતાને આપ સૌનો સાથ-સહકાર અવિરત મળતો રહેશે તેવી આશાઓ સહ વંદન
આ અવસરે રૂા. ૧૦,૦૦૦ કે તેથી વધુ દાગીનાની ખરીદી કરો અને મેળવો લાખોના ઈનામો
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
હોટલ એન્જલ નીચે, માણેકપરા, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૩૫૫૭


### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

## બાબરકોટ-વારાહસ્વરૂપ માર્ગ ઉપર વિદેશી દારૂ ભરેલ સ્વીફ્ટ કાર ઝડપાઈ

**રૂપિયા ૩.૬૭ લાખનાં મુદ્દામાલ સાથે આરોપીની અટકાયત**

અમરેલી, તા. ૨૭

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ ગત તા. ૨૬ નાં રોજ જાફરાબાદ તાલુકા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય. તે દરમિયાન બાતમી રાહે હકીકત મળેલ કે, લુણસાપુર ગામે રહેતો હરેશ રામકુભાઈ ધાખડા પોતાની સ્વીફ્ટ

અનુસંધાન પાના ૬ ઉપર



### પગ લપસી જવાથી અંતિમવાટ પકડી

## રાજુલાનાં કુંભનાથ મહાદેવ મંદિર નજીક તળાવનાં કાંઠે વૃધ્ધનું પડી જવાથી મોત

**મંદિરે દર્શન કરવા જતાં દુર્ઘટના સર્જાઈ**

અમરેલી, તા. ૨૭

રાજુલા ગામે રહેતા છગનભાઈ ચકુભાઈ સરવૈયા નામનાં ૭૧ વર્ષિય વૃધ્ધને આઠેક વર્ષથી શ્વાસની તકલીફ હોય અને તેઓને તડકામાં રહેવાથી સારૂ રહેતું હોય. જેથી તેઓ ગઈકાલે સવારે ધાતરવડી ડેમ પાસે આવેલ કુંભનાથ મહાદેવ મંદિરે દર્શન કરવા ગયેલ હોય. તળાવ કાંઠે બેસેલા હોય દરમિયાન પગ લપસી જતાં ડેમમાં પડી જતાં તેમનું ડૂબી જતા મોત નિપજયાનું જાહેર થવા પામેલ છે.


નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.) Diploma in Gynec Endoscopy (FRANCE) સ્ત્રીરોગ, પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત Mo. 9327361084
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.) નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત Mo. 97237 99091
ઉપલબ્ધ સુવિધાઓ...
- નોર્મલ/જોખમી સિઝેરીયન ડિલીવરી
- પેઈનલેસ (પીડા રહિત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/ ખોડખાપણની સોનોગ્રાફી
- ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દૂરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન
- વંધ્યત્વની વૈજ્ઞાનિક/આધુનીક સારવાર/IUI
- ૨૪ કલાક કાર્યરત
- લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ઉપલબ્ધ સુવિધાઓ...
- રસીકરણ કેન્દ્ર
- નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
- આહાર સંબંધીત સમસ્યાઓ
- કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ સારવાર
- જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
ઓપીડી સમય સોમવાર થી શનિવાર સવારે ૯ થી ૨ સાંજે ૫ થી ૮
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.



NETRA CHIKITSA TRUST MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust Amreli
24/7 Emergency Services
યુરોલોજી વિભાગ - Dr. Neet Chotai (M.B.B.S.,M.S.,DrNB-Urology)
ગાયનેકોલોજી વિભાગ - Dr. Chetna Murarkar IVF Specialist Laparoscopic Surgeon
ઓર્થોપેડિક વિભાગ - Dr. Ankit Gabani (M.B.B.S., D.ORTHO)
ફિઝિશિયન વિભાગ - Dr. Rajesh Parvadiya (M.D. Physician)
ફિઝિશિયન વિભાગ - Dr. Jagruti Chandpa (M.D. Physician)
બાળરોગ વિભાગ - Dr.Kalpesh Vaghasiya M.B., DCH (Pediatrician)
આંખ વિભાગ - Dr.Pooja Chotai (M.S., Ophthalmology)
કાન -નાક -ગળાનો વિભાગ - Dr. Shanu B. Kher MBBS, M.S. (ENT)
જનરલ સર્જરી વિભાગ - Dr. Pradip Dhaduk M.S. (General surgeon)
"માં" અમૃતમ "માં" વાત્સલ્ય યોજના - કાર્ડ ધારકોને દરેક વિભાગમાં મફત ઓપરેશન
બાલ સખા યોજના - નવજાત શિશુની નિશુલ્ક સારવાર
રાષ્ટ્રિય અંધત્વ નિવારણ યોજના - અંધત્વ યોજના અંતર્ગત કેમ્પ મારફતે મોતિયાના નિશુલ્ક ઓપરેશન
ચિરંજીવી યોજના - બીપીએલ કાર્ડ તથા ઓછી આવક વાળાને મફત ડિલીવરી
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)